dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 156 | AD - 2025, Fagan Sud - 12 | Tuesday, Dt.11-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## હવામાન વિભાગ દ્વારા ગરમીને લઈને રાજ્યમાં એલર્ટ જાહેર કરાયું


# ઉનાળાની શરૂઆતમાં રાજ્યમાં ગરમીનો પ્રકોપ : ૧૩ જિલ્લાઓમાં ‘લૂ’નું એલર્ટ

### ૩ જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર

અમદાવાદ,તા.૧૦

હવામાન વિભાગ દ્વારા ગરમીને લઈને રાજ્યમાં એલર્ટ જાહેર કરાયું છે. હાલ ગુજરાતથી માંડીને દેશભરમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. જેમાં ગુજરાતના ૧૩ જિલ્લાઓમાં ‘લૂ’નું એલર્ટ આપવામાં આવ્યું છે. દરમિયાન રાજ્યમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે. જેમાં ગુજરાતના ૩ જિલ્લાઓમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર થઈ ગયું છે. સૌથી વધુ રાજકોટમાં ૪૧.૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે ભુજમાં ૪૦.૪ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૦.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં ૩૮.૭ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૯.૨ ડિગ્રી, નલિયામાં ૩૯.૫ ડિગ્રી અને કેશોદમાં ૩૯.૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તે સિવાય કંડલામાં ૩૯.૨ ડિગ્રી, અમરેલીમાં ૩૯ ડિગ્રી, ડીસામાં ૩૮.૯ ડિગ્રી, સુરતમાં ૩૮.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે આગામી ૧૨ માર્ચ સુધી સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાત અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ઉષ્ણ લહેરની ચેતવણી સાથે ગરમ અને ભેજયુક્ત હવામાનની આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી ત્રણ-ચાર દિવસ તાપમાનનો પારો ૪૦-૪૨ ડિગ્રી રહેવાનો અંદાજ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી જિલ્લામાં ઉષ્ણ લહેરની ચેતવણીને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાન રહેશે. રાજ્યમાં



સૌરાષ્ટ્ર-કચ્છના આંતરિક ભાગો અને ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં આગામી ૩-૪ દિવસ દરમિયાન ૪૦-૪૨ ડિગ્રી મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો નોંધપાત્ર વધારો થશે. હવામાન વિભાગની આગાહી મુજબ, ગઈકાલે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, સુરત, વલસાડ જિલ્લામાં હીટવેવને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. રાજ્યમાં આગામી ૧૧ માર્ચ, ૨૦૨૫ના કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં હીટવેવની આગાહી છે. જેમાં કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, રાજકોટ, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, વડોદરા, સુરત અને વલસાડ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાનની આગાહી છે. રાજ્યમાં આગામી ચાર દિવસ ગરમીનો પારો હાઈ રહેવાની સંભાવના છે, ત્યારે ૧૨ માર્ચ, ૨૦૨૫ના રોજ રાજ્યના સાત જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં બનાસકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, અમરેલી, ભાવનગર અને વડોદરા જિલ્લામાં હીટવેવની આગાહી છે. ભારે ગરમીના કારણે લોકોએ બપોર સમયે ઘર બહાર નીકળવાનું ટાળ્યું હતું અને બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતા.






## મતદાર યાદીમાં કથિત હેરાફેરી અને લોકસભા બેઠકોના સીમાંકનના મુદ્દા પર વિપક્ષોનો રાજ્યસભામાં હંગામો



નવીદિલ્હી,તા.૧૦

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો તા.૧૦થી શરૂ થયો છે. જોકે, મતદાર યાદીમાં કથિત હેરાફેરી અને લોકસભા બેઠકોના સીમાંકનના મુદ્દા પર વિપક્ષોએ રાજ્યસભામાં હંગામો મચાવ્યો હતો. આ ઉપરાંત, મુલતવી નિયમો હેઠળ આ મુદ્દાઓ પર ચર્ચાની માંગ અધ્યક્ષ દ્વારા નકારી કાઢવામાં આવ્યા બાદ, તેઓ ઉપલા ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા. કાર્યવાહી શરૂ થતાં જ, ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું કે તેમને નિયમ ૨૬૭ હેઠળ મતદાર ફોટો ઓળખ કાર્ડ નંબરનું ડુપ્લિકેશન, સીમાંકન, ભારતમાં મતદાન ટકાવારી વધારવા માટે અમેરિકા તરફથી ભંડોળ સહિતના કેટલાક મુદ્દાઓ પર તાત્કાલિક ચર્ચા માટે ૧૨ નોટિસ મળી છે. તેમણે બધી નોટિસ ફગાવી દીધી હતી. આ પછી, કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષી સભ્યો બેઠકની નજીક આવ્યા અને હંગામો શરૂ કર્યો. દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) ના સભ્યો સ્પીકરની ખુરશી પાસે આવ્યા અને દક્ષિણ રાજ્યો પર લોકસભા બેઠકોના સીમાંકનની અસરના મુદ્દા પર હોબાળો મચાવ્યો હતો.

## મધ્યપ્રદેશમાં ટ્રક અને એસયુવી વચ્ચે ટક્કરમાં ૭ લોકોના મોત : ૧૪ ઘાયલ



ભોપાલ,તા.૧૦

મધ્યપ્રદેશના સીધી જિલ્લામાં એક હૃદયદ્રાવક અકસ્માત સામે આવ્યો છે. અહીં એક ટ્રક અને એસયુવી વચ્ચે થયેલી ટક્કરમાં સાત લોકોના મોત થયા છે, જ્યારે ૧૪ લોકો ઘાયલ થયાના અહેવાલ છે. પોલીસે ઘટના અંગે માહિતી આપી છે. તમને જણાવી દઈએ કે સોમવારે વહેલી સવારે જિલ્લામાં એક ટ્રક અને સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલ વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે, જ્યારે ૧૪ લોકો ઘાયલ થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત સવારે ૨.૩૦ વાગ્યાની આસપાસ સિદ્ધિ-બહરી રોડ પર ઉપની પેટ્રોલ પંપ પાસે થયો હતો. મીડિયા સાથે વાત કરતા, નાયબ પોલીસ અધિક્ષક ગાયત્રી તિવારીએ જણાવ્યું હતું કે એક પરિવારના સભ્યોને લઈને એસયુવી મૈહર તરફ જઈ રહી હતી જ્યારે ટ્રક સીધીથી બહારી તરફ જઈ રહી હતી. દરમિયાન, ઉપની પેટ્રોલ પંપ પાસે, બંને વાહનો સામસામે અથડાયા હતા. તેમણે કહ્યું, "અકસ્માતમાં એસયુવીમાં મુસાફરી કરી રહેલા સાત લોકોના મોત થયા હતા અને ૧૪ અન્ય ઘાયલ થયા હતા. નવ ઘાયલોને વધુ સારવાર માટે પડોશી જિલ્લા રેવા રિફર કરવામાં આવ્યા છે જ્યારે અન્ય લોકો સિદ્ધિ જિલ્લા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે." તેમણે કહ્યું કે ટ્રક ડ્રાઈવરને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.
















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૧૧-૦૩-૨૦૨૫

# તુવેર ખરીદીની મુદતમાં વધારો કરવા અશ્વિન સાવલીયાનો કૃષિમંત્રીને પત્ર


અમરેલી, તા.૧૦



અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ ગુજરાત સરકાર દ્વારા P.S.S સ્કીમ હેઠળ વર્ષ ૨૦૨૪/૨૦૨૫ની તુવેર ખરીદીની મુદતમાં વધારો કરવા કૃષિ મંત્રી રાઘવજીભાઈને પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, P.S.S સ્કીમ હેઠળ વર્ષ ૨૦૨૪/૨૦૨૫ની તુવેર ખરીદીની કામગીરી ચાલુ છે. જેની મુદત તા.૧૦/૦૩/૨૦૨૫ના રોજ પૂર્ણ થાય છે. હાલની સિઝનમાં તુવેરનો પાક મોડો આવેલ હોય અને ઘણા ખેડૂતો દ્વારા તુવેર કાપણીનું કામ ચાલુ હોવાથી તુવેરમાં ભેજનું પ્રમાણ વધારે હોય છે. જે પ્રમાણ P.S.Sના ધોરણો કરતા વધારે હોવાથી સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરી શકાય તેમ નથી. આથી તુવેરની સુકવણી માટે સમયની જરૂરીયાતને ધ્યાનમાં રાખી ખેડૂતોને પોતાના પાકના P.S.S સ્કીમ હેઠળ પુરા પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે તુવેર ખરીદીની મુદતમાં વધારો કરી આપવો જોઈએ. આ પત્રની નકલ ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીને પણ મોકલવામાં આવી છે.

# લીલીયા-અમરેલી રોડના સ્પીડબ્રેકર પર સફેદ કલરના પટ્ટા મારવાની માંગ

અમરેલી, તા.૧૦


પ્રતિકાત્મક તસવીર

લીલીયા-અમરેલી રોડ પરના સ્પીડબ્રેકર પર સફેદ કલરના પટ્ટા મારવાની માંગ ભાસ્કરભાઈ પટેલે કરી છે. ભાસ્કરભાઈ પટેલ (કન્વીનર - શિક્ષણ સેલ, લીલીયા તાલુકા ભારતીય જનતા પાર્ટી)એ જણાવ્યું છે કે, લીલીયા-અમરેલી રોડ પર અમુક જગ્યાએ સ્પીડબ્રેકર બનાવવામાં આવ્યા છે, જે જરૂરી છે. પરંતુ આ સ્પીડબ્રેકર પર સફેદ પટ્ટા મારવામાં આવે તો વાહનચાલકોને દૂરથી દેખાય અને તેઓ વાહન ધીમું પાડી શકે, જેનાથી અકસ્માતો નિવારી શકાય તેમ છે. આ ઉપરાંત, લીલીયામાં બસ સ્ટેન્ડથી આગળ અમરેલી રોડ યમુના પાન ઘર પાસે અને ગાયત્રી સોસાયટી પાસે સ્પીડબ્રેકર બનાવવાની ખાસ જરૂર છે. આ વિસ્તારોમાં વાહનો ખૂબ જ ઝડપથી દોડે છે, જેના કારણે અકસ્માતોનું જોખમ રહે છે. સ્પીડબ્રેકર બનવાથી વાહનોની ગતિ પર નિયંત્રણ લાવી શકાશે અને અકસ્માતો અટકાવી શકાશે. ભાસ્કરભાઈ પટેલે આર એન્ડ બી ડિપાર્ટમેન્ટને આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# સાવરકુંડલાના ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટના ધારાબેન ગોહિલની અનોખી માનવસેવા

સાવરકુંડલા, તા.૧૦



સાવરકુંડલાના ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ લોકોની સેવા કરવામાં આવે છે. સાવરકુંડલાના મહુવા રોડ પર રહેતા એક દિવ્યાંગ સોલંકી વીનુભાઈ રૂપાભાઈને ટ્રસ્ટના ધારાબેન ગોહિલ દ્વારા સમાજ સુરક્ષા ખાતા યોજના અંતર્ગત બસ મુસાફરીનો એકદમ મફત પાસ કઢાવી આપવામાં આવ્યો હતો. એટલું જ નહિ એમની સાથે જે પણ મુસાફરી કરે એ વ્યક્તિને પણ ટિકિટ લેવી ન પડે તેવી સુવિધા અપાવી હતી. સાથે સંત સુરદાસ યોજનાનો ઓફર લેટર પણ તેમને આપવામાં આવ્યો હતો.

# લાઠીના ધામેલ ગામે તળાવના નવીનીકરણનું જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

**તળાવના નવીનીકરણ માટે રૂા. ૧ કરોડ ૬૯ લાખનો ખર્ચ કરવામાં આવશે**

લાઠી,તા.૧૦



લાઠી તાલુકાના ધામેલ ગામમાં તા.૧૦ના રોજ તળાવના નવીનીકરણનું ખાતમુહૂર્ત લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તળાવના નવીનીકરણ માટે રૂ. ૧ કરોડ ૬૯ લાખનો ખર્ચ કરવામાં આવશે. આ તળાવના નવીનીકરણથી ગામના લોકોને ઘણો ફાયદો થશે. તેનાથી પાણીની સમસ્યા દૂર થશે અને ખેડૂતોને પણ સિંચાઈ માટે પૂરતું પાણી મળશે. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગામના લોકોએ તળાવના નવીનીકરણના કાર્યને આવકાર્યું હતું અને ધારાસભ્ય જનકભાઈનો આભાર માન્યો હતો.

# બગસરામાં નવનિયુક્ત જિલ્લા ભાજપ પ્રમુખનું અભિવાદન કરાયું



અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ તરીકે અતુલભાઈ કાનાણીની વરણી થવા બદલ બગસરા તાલુકા ભાજપ કાર્યાલય ખાતે તા.૧૦ના રોજ પ્રદિપભાઈ ભાખર અને તાલુકા તથા શહેર ભાજપના તમામ હોદ્દેદારો, તમામ કાર્યકર્તાઓએ અભિનંદન પાઠવ્યા હતા.

# બગસરા ડેપોની પ્રશંસનીય કામગીરી : એસ.ટી. ડેપો તંત્રએ જાહેરમાં ધુમ્રપાન કરતા લોકોને દંડ ફટકાર્યો

બગસરા, તા.૧૦


તસવીર : હાર્દિક બામટા

બગસરા એસટી ડેપો તંત્ર દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. એસટી નિગમની આવક વધારવા અને લોકોની સવલત પુરી પાડવા બગસરાથી ફતેપુરા એક્સ્ટ્રા બસ શરૂ કરવામાં આવી છે સાથોસાથ ડેપો મેનેજરની સૂચનાથી લોકોને જ્યાં ત્યાં થુંકતા અટકાવવા અને જાહેરમાં ધુમ્રપાન કરતા લોકો ઉપર કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીના ભાગરૂપે પાચ મહિનામાં ૪૮ જેટલાં લોકોને દંડ ફાટકરવામાં આવ્યો હતો. જેની કિંમત આશરે ૨૪૦૦ રૂપિયા જેટલી છે અને ફરી વખત જાહેરમાં ધુમ્રપાન ના કરવા પણ કહેવામાં આવ્યું હતું. સરકાર દ્વારા તમામ ડેપોને જોગવાઈ કરવામાં આવી છે કે જાહેરમાં થુકવું અને ધુમ્રપાન કરવું એ દંડનીય અપરાધ છે. તે નિયમને આગળ વધારી ડેપો મેનેજર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# સાવરકુંડલા પોલીસે મધ્યપ્રદેશના આરોપીને ટેકનિકલ સર્વેલન્સથી પકડ્યો

સાવરકુંડલા, તા.૧૦



સાવરકુંડલા પોલીસ દ્વારા નાસ્તા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરી આરોપીઓને પકડવા માટે વિશેષ અભિયાન હાથ ધર્યું છે. ત્યારે સાવરકુંડલા ડિવિઝનની સ્ક્વોડની ટીમે એક મોટી સફળતા મેળવી છે. ટીમે લીલીયા પોલીસ સ્ટેશન અને મધ્યપ્રદેશના તીરલા પોલીસ સ્ટેશનના બે અલગ-અલગ ગુનાઓમાં છેલ્લા બે વર્ષથી ફરાર આરોપીની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીની ઓળખ દિનેશ ગોવિંદભાઈ ભાભોર રહે.મધ્યપ્રદેશના ધાર, હાલમાં જામનગર જિલ્લાના વિજયપુર તરીકે થઈ છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીને ઝડપી પાડ્યો છે. ASPની સૂચનાથી રચાયેલી આ સ્પેશિયલ સ્ક્વોડમાં PSI આર.આર. ગલચર, જીગ્નેશભાઈ અમરેલિયા, મહેશભાઈ મહેરા, જયપાલસિંહ ગોહિલ, મિતેષભાઈ વાળા અને દેવેન્દ્રસિંહ ગોહિલ સહિતના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488
નક્ષત્ર મોટર્સ
Tunwal E-Vehicles
સોલાર રૂફટોપ સિસ્ટમ
વસાવો ઈલેક્ટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......
અદાણી, ગોલ્ડી પહલ પેનલો ઉપલબ્ધ
Rs.78000/- સબસિડી
ઈલેક્ટ્રીક બાઈક
ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ
ઈલેક્ટ્રીક બાઈક તુનવાલ ચો બાઈક
એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી

# અમરેલીજિલ્લાના ૩૬૧ ગામોમાં ખાસ મહિલા ગ્રામસભાનું આયોજન

અમરેલી, તા.૧૦



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિત્તે ૮ માર્ચના રોજ અમરેલી જિલ્લાના ૩૬૧ ગામોમાં ખાસ મહિલા ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૮૪૬ સગર્ભા બહેનોનું કાઉન્સેલીંગ અને જોખમી સગર્ભા માતાઓને ૧૭૬૫ જેટલી ન્યુટ્રીશન કીટનું વિતરણ કરીને આરોગ્યની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. ડીડીઓ પી.બી. પંડ્યા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ જોષીના માર્ગદર્શન હેઠળ આ ખાસ ગ્રામસભાઓમાં નમોશ્રી યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના વિગેરે યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

# મોણપુર ગામે પરિણીતાને ઝેરી અસર થતાં સારવારમાં ખસેડાઈ

**ઝેરી દવા વાળા વાસણમાંથી પાણી પીતા ઝેરી અસર થઈ**

અમરેલી, તા.૧૦

અમરેલી તાલુકાના મોણપુર ગામે રહેતી એક મહિલાને ઝેરી અસર થઈ હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મહિલા વાસણ સાફ કરતી હતી ત્યારે તરસ લાગતાં ઝેરી દવા વાળા વાસણમાંથી પાણી પીતા ઝેરી અસર થતાં ગોંડલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero

માઈલેજ લીડર ★★★★★
પ્રિમયમ ક્રોમ ગાર્નિસ ★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★
લાંબી આરામદાયક સીટ ★★★★★
મોટું ફ્લોરબોર્ડ ★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★
હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
DESTINI 125
રહો બે કદમ આગળ
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ ● વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ ● એસી જોબ ● એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફીંગ જોબ ● ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ ● ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવત્તાયુક્ત કામ પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચક્કરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# લાઠી પોલીસે ભાવનગર-રાજકોટ હાઈવે પર થયેલ ગંભીર અકસ્માતનો ભેદ ઉકેલ્યો

અમરેલી, તા.૧૦

લાઠી પોલીસ સ્ટેશનના ભાવનગર-રાજકોટ હાઈવે રોડ ઉપર સાગર હોટલ પાસે રાત્રીના સમયે બનેલા ગંભીર અકસ્માતનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. આ અકસ્માતમાં એક રાહદારીનું મોત થયું હતું, અને વાહનચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસ મહાનિરીક્ષક ગૌતમ પરમાર અને પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચનાથી લાઠી પોલીસ સ્ટેશનની ટીમે આ કેસની તપાસ શરૂ કરી હતી. તા. ૦૨/૦૩/૨૦૨૫ના રોજ રાત્રે એક અજાણ્યા વાહનચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી વાહન ચલાવી રાહદારીને ટક્કર મારી હતી, જેમાં રાહદારીનું ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. ત્યારબાદ વાહનચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. ચાવંડ આઉટ-પોસ્ટ અને અમરેલી નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના CCTV ફૂટેજની મદદથી પોલીસે આરોપીને ઓળખી કાઢ્યો હતો. આરોપીનું નામ આશિષકુમાર ઘનશ્યામભાઈ પાઠક (ઉ.વ. ૪૮) છે, જે લીલીયા રોડ, ખોડલધામ સોસાયટી, અમરેલીમાં રહે છે. પોલીસે આરોપી પાસેથી GJ-૧૪-AA-૨૫૨૬ નંબરની બોલેરો ફોરવ્હીલ કાર જપ્ત કરી છે. આરોપી સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ કામગીરી લાઠી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. એમ.સોની, પીએસઆઈ કે.કે.પાંડવ વગેરેએ કરી હતી.



# મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ઈશ્વરીયા ખાતે મહિલા દિવસની ભવ્ય ઉજવણી


અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા સહકારી સંઘ અને સરદાર પટેલ ગ્રુપ દ્વારા ઈશ્વરીયા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ૮ માર્ચ, ૨૦૨૫ના રોજ યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલાઓની શક્તિઓને ઉજાગર કરવા અને સહકારી ક્ષેત્રમાં તેમની ભાગીદારી વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંગીત ખુરશી, લીંબુ ચમચી અને ગ્લાસ જીત જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત, મહિલા સહકારી સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમમાં ૨૬૦ થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો, અને તમામ સહભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. રમતોમાં વિજેતા બનેલી મહિલાઓને યુવા નેતા મનીષ સંઘાણીના હસ્તે ઈનામો અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંઘના એક્ઝિક્યુટિવ ભાર્ગવ ત્રિવેદી, રેખાબેન માવદીયા, સ્ટાઈ. સી.ઈ.આઈ. સાગર મહેતા, રૂપાલ સિસનાદા અને જીતુભાઈ ભાદોરીયાએ જહેમત ઉઠાવી હતી.



# સાવરકુંડલા ખાતે સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનો સત્સંગ સમારોહ યોજાયો

સાવરકુંડલા, તા.૧૦



સાવરકુંડલામાં શ્રી એકલિંગજી ઉપવન વાડી, કાનજીબાપુની જગ્યા પાસે સત્સંગ સમારોહનું તારીખ ૮-૩-૨૫ને શનિવારે રાત્રે ૮-૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું. બ.પૂ.પા. સ્વામી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં અનન્ય ચરણોપાસક સદ શિષ્ય પૂ. સ્વામી ભોલાનંદ સરસ્વતીજી મહારાજનું સાવરકુંડલા ખાતે રાત્રિ સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ૐ નમઃ શિવાયની ધૂન દ્વારા ભકિતમય વાતાવરણ સર્જાયું હતું.

# સાવરકુંડલા ખાતે કાણકિયા કોલેજનો ૫૪મો વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

સાવરકુંડલા, તા.૧૦

વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે તા.૮-૩-૨૫ ને શનિવારના રોજ કોલેજનો ૫૪મો વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. સમારંભના અધ્યક્ષસ્થાને લીલીયા- સાવરકુંડલા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હાજર રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ શાળાના ઉપપ્રમુખ અને કેન્સર સર્જન ડોક્ટર દીપકભાઈ શેઠ, દીપકભાઈ માલાણી, મેહુલભાઈ ત્રિવેદી તથા પ્રવીણભાઈ સાવજ, અનિરુદ્ધસિંહ રાઠોડ, ચંદ્રિકાબેન ઘેલાણી, કનુભાઈ ગેડિયા, મુકુંદભાઈ નાગ્રેચા તથા જયંતીભાઈ વાટલીયા, વિનુભાઈ રાવળ તથા ઘેલાણી મહિલા કોલેજના આચાર્ય ચાવડા વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ રંગે ચંગે ઉજવાયો હતો. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ ઈન્ડિયન આર્મીમાંથી તાજેતરમાં સેવાનિવૃત્ત થયેલ અને માતૃ સંસ્થાનું ગૌરવ એવા દીપભાઈ ખુમાણ અને અતુલભાઈ જાનીનું ધારાસભ્યના હસ્તે ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવેલ હતી.



# બાબરામાં ઉડાન લેડીઝ ક્લબ દ્વારા મહિલા વિશ્વ દિવસની ઉજવણી



તસ્વીર : વિજય માલી

બાબરા,તા.૧૦

બાબરામાં ઉડાન લેડીઝ ક્લબ દ્વારા મહિલા દિવસની ઉજવણી નિમિત્તે સાડીમાં સજ્જ થયેલી મહિલાઓનો ફેશન શો યોજાયો હતો અને તેમાં કેટવોક કરીને સારું પર્ફોર્મન્સ આપનારને ઈનામ આપવામાં આવેલ. જેમાં પ્રથમ ત્રણ ક્રમે વર્ષાબેન કારિયા, વર્ષાબેન ખખ્ખર અને રાધિકાબેન જોગીની પસંદગી થઈ હતી. આ તકે ખત્રી સમાજ વાડીના પ્રમુખ અંતુભાઈ જોગી, રાજશ્રીબેન અઢીયા અમરેલી મહિલા મંડળના પૂર્વ પ્રમુખનો સહકાર મળ્યો હતો.

# અમરેલી - બગસરા શહેરમાં બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે કાર્યક્રમ યોજાયા

અમરેલી,તા.૧૦

બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે બગસરા અને અમરેલીમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયા હતા. અમરેલીમાં જેસીંગપરા ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીમાં શિવશકિત પદયાત્રીઓને મહિલા મોરચા ભાજપના ભાવનાબેન ગોંડલીયાએ લીલી ઝંડી બતાવી રવાના કરેલ. આ પ્રસંગે બ્ર.કુ. કિંજલદીદી, બ્ર.કુ. કૈલાસદીદી તથા બ્ર.કુ. જયંતિભાઈ પટોળીયાએ પદયાત્રામાં જોડાઈ ૫૦ બહેનો સદ્ભાવના દ્વારા સ્વર્ણિમ ભારતના દ્વાર ખોલવાનો સંદેશ આપેલ. બગસરાની ધાણક કોલેજ ખાતે ૧૦૦ જેટલી કોલેજ કન્યાઓને બ્ર.કુ. ગીતાદીદીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. બગસરા સેવા કેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. રસિલાદીદી, બ્ર.કુ. મિતાલીદીદી તથા ડૉ. એસ.ડી.મોરી તથા સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવેલ. બગસરામાં પટેલ વાડી ખાતે વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા મહિલા દિવસની ઉજવણી માટે બગસરાના આજુબાજુના ગામોમાંથી ૨૦૦ જેટલી મહિલાઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે વિશિષ્ટ પ્રતિભા જયોતિ નારી રત્ન એવોર્ડથી બગસરાના બ્ર.કુ. રસીલાદીદીને સન્માનિત કરવામાં આવેલ તેમ ફિલ્ડ રીપોર્ટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.



# સાવરકુંડલાની પે સેન્ટર શાળા નં. ૧ માં રંગોળી અને વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધા યોજાઈ

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં તા.૭-૩-૨૫ના રોજ પે સેન્ટર શાળા નંબર એક ખાતે ટેન ડેઝ બેગલેસ કાર્યક્રમ અંતર્ગત રંગોળી તથા વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ નિર્માણની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈને પોતાની કલ્પનાઓથી મનમોહક રંગોળીનું નિર્માણ કર્યું હતું. શિલ્પાબેન દેસાઈ, દીપ્તિબેન ડોડીયા અને વૈશાલીબેન ઉનડકટ, વિલાસબેન સરવૈયા દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે સાવરકુંડલા તાલુકાના બીઆરસી કોઓર્ડિનેટર વિપુલભાઈ દુધાતે વિદ્યાર્થીઓની કૃતિ તથા શિક્ષકોની મહેનતને બિરદાવેલ હતી. ઈન્ચાર્જ આચાર્યા હેતલબેન ચોટલીયાએ વિદ્યાર્થીઓને તેમજ માર્ગદર્શન આપનાર શિક્ષકોને અભિનંદન આપેલ હતા. રંગોળી સ્પર્ધામાં પ્રથમ નંબર ચાવડા વૈભવ, દ્વિતીય નંબર બગડા નમન તથા નિશાદ આકાશ તેમજ તૃતીય નંબર સરિયા રવિની ટીમે મેળવેલ. જ્યારે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ નિર્માણમાં પ્રથમ નંબર ચાવડા વૈભવ, દ્વિતીય નંબર ટાંક હેત તેમજ તૃતીય નંબર ચૌહાણ અલ્ફાઝ તેમજ સુસરા હિરેને પ્રાપ્ત કરેલ હતો.








# લીલીયાના ગોઢાવદરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ

**કાર્યક્રમમાં સખીમંડળની બહેનો હાજર રહ્યા**

લીલીયા, તા.૧૦

લીલીયાના ગોઢાવદર ગામમાં નાબાર્ડના ભાવના સિંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ કાર્યક્રમની ઉજવણીમાં ગામના સખી મંડળની બહેનો હાજર રહ્યા હતા. સંકટ મોચન હનુમાન મંદિરે યોજાયેલા કાર્યક્રમમાં તાલુકા તેમજ જિલ્લામાંથી એલ.ડી.એમ, લીલીયા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ખેતીવાડી અધિકારી માલવિયા, સરપંચ હીરાબેન ગોસાઇ, ઉપ સરપંચ વિપુલભાઇ ગજેરા, આચાર્યા વર્ષાબેન જોષી, ભરતભાઇ વિંઝુડા, વી.આર.ટી.આઇ. સંસ્થામાંથી કલસ્ટર કોઓર્ડિનેટર જયંતીભાઇ સરવૈયા, ચંદ્રેશભાઇ રાઠોડ, ધીરુભાઈ ચૌહાણ હાજર રહ્યા હતા.



તસ્વીર : ભરત વિંઝુડા

# જિલ્લામાં નશામાં વાહન ચલાવતાં સાત ઝડપાયા

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે નશામાં વાહન ચલાવતાં સાત ઈસમોને ઝડપી પાડ્યા હતા. જેમાંથી ત્રણ ઈસમો સર્પાકાર વાહન ચલાવતા પકડાયા હતા. ડુંગર, પીપળવા, સાવરકુંડલા, ચાંપાથળ અને અમરેલીમાંથી એક એક મળી પાંચ ઈસમો કેફી પીણું પીને વાહન ચલાવતા મળી આવ્યા હતા.


**સંકુલ ઈંગ્લીશ મિડીયમ - ઓછી ફી - સારૂ શિક્ષણ**

| | | | |
|---|---|---|---|
| નર્સરી & KG ઈ.મી. | ૫૮૦૦ | ધો. ૧ થી ૫ – ICSE બોર્ડ | ૯૦૦૦ |
| ધો. ૧ થી ૫ – GSEB બોર્ડ | ૭૬૦૦ | ધો. ૬ થી ૮ – ICSE બોર્ડ | ૧૧૦૦૦ |
| ધો. ૬ થી ૮ – GSEB બોર્ડ | ૯૨૦૦ | ધો. ૯ – ૧૦ ICSE બોર્ડ | ૧૩૦૦૦ |
| ધો. ૯ – ૧૦ GSEB બોર્ડ | ૧૧૦૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૬ થી ૮ | ૨૪૪૦૦ |
| ધો. ૧૧–૧૨ કોમર્સ GSEB | ૧૩૮૦૦ | હોસ્ટેલ લવાજમ ધો. ૯ થી ૧૨ | ૨૫૨૦૦ |
| ધો. ૧૧–૧૨ સાયંસ GSEB | ૨૫૮૦૦ | હોસ્ટેલ લવાજમ FY થી PG | ૨૬૮૦૦ |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ,ચક્કરગઢ રોડ,અમરેલી -Ad 124



**નિત્યા સ્કીન ક્લિનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# દામનગરના નવનિર્મિત રેલવે સ્ટેશનની મુલાકાતે ધારાસભ્ય જનક તળાવીયા

દામનગર,તા.૧૦

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ દામનગરના નવનિર્મિત રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે મુસાફરોને મળી રહેલી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ



જણાવ્યું હતું કે, ગુજરાતમાં ડબલ એન્જિનની સરકારના કારણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા રેલવે સ્ટેશનના નવીનીકરણ અને રોડ-રસ્તાઓના નિર્માણ સહિત તમામ ક્ષેત્રોમાં વિકાસના કામો થઈ રહ્યા છે. દામનગર રેલવે સ્ટેશનના નવીનીકરણથી દામનગર, લાઠી અને આસપાસના ગામોના લોકોને સારી સુવિધા મળશે.

તેમણે ઉમેર્યું હતું કે, રેલવે સ્ટેશન પર મુસાફરોને સારી સુવિધા મળી રહી છે. તેમણે સ્ટેશનના કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી અને મુસાફરોને મળી રહેલી સુવિધાઓ અંગે ચર્ચા કરી હતી.

# સાવરકુંડલાના ગાધકડા ગામે બનેવીએ સાળી સાથે શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી

સાવરકુંડલા, તા.૧૦

સા.કુંડલાના ગાધકડા ગામે બનેવીએ સાળી સાથે શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવી હતી. આ અંગે ઠપકો આપતાં સારું નહોતું લાગ્યું. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. મંજુલાબેન મગનભાઈ વાળાએ દિનેશભાઈ વીરાભાઈ વાળા તથા કાજલબેન દિનેશભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની બહેન કાજલબેન ગર્ભવતી હોવાથી ભાવનગર દાખલ કરી હતી. તેણે તેના દીકરા નિકુંજ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે બાબતનું મનદુઃખ રાખી બંને આરોપીએ તેમના ઘરે આવી હુમલો કરીને માર માર્યો હતો. તેમજ હાથમાં બચકું ભરીને જાનથી મારવાની ધમકી આપી હતી. જે બાદ કાજલબેન દિનેશભાઈ વાળાએ ખોડાભાઈ ગોવિંદભાઈ વાળા, મગનભાઈ ગોવિંદભાઈ વાળા, નિકુંજભાઈ મગનભાઈ વાળા, કૌશીકભાઈ મગનભાઈ વાળા, મંજુલાબેન મગનભાઈ વાળા, સવિતાબેન ભનુભાઈ જોગદીયા, ધર્મેશભાઈ ભનુભાઈ જોગદીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેની નાની બહેન સાથે આરોપી નિકુંજભાઈ મગનભાઈ વાળાએ આડા સંબંધ બાંધી પાલીતાણા મુકામે જઈ તેની સાથે શરીર સંબંધ બાંધતા તેની બહેન ગર્ભવતી થઈ હતી. જેથી તેઓ તથા તેમના પતિ સાહેદ દિનેશભાઈ વીરાભાઈ વાળા આરોપીના ઘરે વાત કરવા જતા આરોપીઓને સારું નહોતું લાગ્યું. તમામ આરોપીઓએ એકસંપ કરી ઘાતક હથિયારો ધારણ કરી આરોપી ખોડાભાઈ ગોવિંદભાઈ વાળાએ સાહેદ દિનેશભાઈ વીરાભાઈ વાળાને મારી નાખવાના ઈરાદે લોખંડની કોસનો એક જીવલેણ ઘા માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી હતી.

# સાવરકુંડલાના વિજપડી ગામે બંધ રહેણાંક મકાનમાં આગ લાગી

**આગમાં કોઈ પણ જાનહાનિ થઈ નથી**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલના વિજપડી ગામે બંધ રહેણાંક મકાનમાં આગ લાગતાં સામાન બળીને ખાખ થઈ ગયો હતો. બનાવ અંગે હાલ ગીર સોમનાથના કોડીનાર ખાતે રહેતા અને મૂળ વિજપડી ગામના કેશુભાઈ નાકુભાઈ પરમાર (ઉ.વ.૭૦) એ જાહેર કર્યા મુજબ, તેમના વિજપડી ગામે કાચા જુનવાણી મકાન આવેલા છે. તેમાં કોઈ રહેતું નહોતું. આ મકાનમાં કોઈ કારણોસર આગ લાગતાં લાકડાના પટારા, જુના વાસણો, ગોદડા તથા બીજો ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# પીર ખીજડીયાના ધ્રુવકુમારની મદદે જનક તળાવીયા, મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂ.૩.૧૨ લાખની સહાય

બાબરા,તા.૧૦

બાબરા તાલુકાના પીર ખીજડીયા ગામના ધ્રુવકુમાર પીયુષભાઈ ડેરવાળીયા કોકલીયર ઈમ્પ્લાન્ટ નામની ગંભીર બીમારીથી પીડાતા હતા. પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને જાણ કરવામાં આવી



હતી. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ તાત્કાલિક કાર્યવાહી કરીને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ધ્રુવકુમારની સારવાર માટે ૩.૧૨ લાખ રૂપિયા મંજૂર કરાવ્યા હતા. આ સહાય મળવાથી ધ્રુવકુમારને યોગ્ય સારવાર મળી શકશે. ધ્રુવકુમારના પરિવારે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે,

**ગંભીર બીમારીથી પીડિત બાળકને મળશે સારવાર, પરિવારે ધારાસભ્યનો માન્યો આભાર**

સરકાર હંમેશા જરૂરિયાતમંદ લોકોની મદદ માટે તત્પર છે. તેમણે લોકોને આવી કોઈપણ જરૂરિયાતના સમયે તેમની પાસે આવવા માટે જણાવ્યું હતું.

# અમરેલી એસટી ડેપોમાં એટીઆઈ તરીકે નોકરી કરતાં યુવકને કંડકટરે ધમકી આપી


અમરેલી, તા.૧૦

અમરેલી એસટી ડેપોમાં એટીઆઈ તરીકે નોકરી કરતાં યુવકને કંડકટરે જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે દેવાભાઈ જીવણભાઈ હાથીયા (ઉ.વ.૩૭)એ એસટી કડંકટર જીગ્નેશભાઈ ત્રિવેદી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ એસટી ડેપોમાં (એ.ટી.આઈ.) તરીકે ડ્રાઈવર કંડકટરોની નોકરી વહેચણીનું કામ કરે છે. આરોપીના કહેવા મુજબ નોકરીની વહેચણી કરતા ન હોવાથી અને ફરજ પર ન આવતા કર્મચારીને ગેરહાજરી મુકતા હતા. જેનું મનદુઃખ રાખી ફરિયાદીને જાહેરમાં અશ્લિલ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી વિભાગના નાયબ પોલીસ અધીક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાથી કરજાળા સુધી અશ્વયાત્રાનું ભવ્ય આયોજન

સાવરકુંડલા,તા.૧૦

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં અશ્વપ્રેમી ભાઈઓ દ્વારા ભવ્ય અશ્વયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા, નેસડી અને કરજાળાના અશ્વપાલકોએ આ યાત્રામાં ભાગ લીધો હતો. પેટ્રોલ-ડીઝલના વધતા જતા ભાવ સામે અશ્વ સાથે યાત્રા કરવી સારી, આ હેતુ સાથે આ ભવ્ય અશ્વયાત્રા યોજાઈ હતી.



આ યાત્રાના આયોજકોમાં અશરફભાઈ (સપાથલવાળા), આશિષભાઈ જોશી, શાબાઝખાન પઠાણ, સતિયામ રબારી, લાલભાઈ રબારી, સાયું મીર અને સોહિલભાઈ સપાથલનો સમાવેશ થાય છે. આ યાત્રામાં મોટી સંખ્યામાં અશ્વપ્રેમીઓ જોડાયા હતા અને અશ્વ સાથે યાત્રાનો આનંદ માણ્યો હતો.

# દામનગરમાં જુનું પોલીસ સ્ટેશન ઉકરડા ઘર બન્યું

દામનગર,તા.૧૦



તસ્વીર : શુકલ અતુલકુમાર

સ્વચ્છતા મારી ફરજ, સ્વચ્છતા મારો અધિકાર, સૌનો સાથ ગંદકીનો નાશ, સ્વચ્છતા અભિયાન જેવાં રૂપાળા શબ્દોના સુત્રોના બોર્ડ ક્યારેક શોભાના ગાંઠિયા જેવા બની જતાં હોય છે, લાખ્ખો રૂપિયાની જાહેરાતો માત્ર જાહેરાત જ રહી જાય છે...!! દામનગર શહેરની મધ્યમાં પોલીસ સ્ટેશન, નાયબ મામલતદાર અને ગ્રામ પંચાયત ઓફિસ હતી, હવે આ જગ્યાએ સીટી સર્વે ઓફિસ છે તે પણ જર્જરિત હાલતમાં છે. આ સ્થળ કચરાનું ઘર બન્યું હોવાથી નગરપાલિકામાં જો કોઈ જવાબદાર વ્યક્તિઓ હોય તો આ સ્થળ પરથી કચરાના ઉકરડા દૂર કરી સ્વચ્છ રાખે તો કહેવાશે કે ખરેખર દામનગર શહેરમાં તંત્ર છે ખરું...!!

# ઘરની સુરક્ષા માટે લોક, પરિવાર માટે બ્લોક અને આત્માની સુરક્ષા માટે શ્લોક જરૂરી છે : ધીરગુરુદેવ

સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલામાં શ્રી સ્થાનકવાસી જૈન સંઘ ખાતે ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં મગીયા પરિવાર પ્રેરિત ઉપાશ્રય અને વાડી સુશોભન તકતીનું અનાવરણ અનિલભાઈ, કિરીટભાઈ, રજનીભાઈ મગીયાના હસ્તે કરાયેલ. ધર્મસભામાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોને સંબોધતા ગુરુદેવે કહેલ કે, 'જીવનમાં ઘરની સુરક્ષા માટે લોક અને પરિવારની સુરક્ષા માટે બ્લોક જરૂરી છે તેમ આત્માની



તસ્વીર : સૌરભ દોશી

સુરક્ષા માટે એકાદ શ્લોક જરૂરી છે'. સંઘપ્રમુખ રાજુભાઈ દોશીએ સહુને આવકાર્યા હતા. જાદવજી ઠાકરશી ગાંધી, બકુલેશ વિરાણી, મહેન્દ્ર દોશી, દિલીપ મહેતા, મહાસુખ કામદાર, મંગળાબેન તેજાણી વગેરે તરફથી રૂ. ૩૦૦નું સંઘપૂજન કરાયેલ. નવકારશી, સંઘજમણ રીટાબેન કિરીટભાઈ મગીયા તરફથી રાખેલ. અમરેલી, ચલાલા, ગોપાલગ્રામ, મુંબઈ વગેરેના સંઘની હાજરી રહી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૧૧-૦૩-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૫૭,
સૂર્યાસ્ત-૦૬:૧૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

**તા.૧૧-૦૩-૨૦૨૫ મંગળવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે.

વૃષભ: આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે.

મિથુન: તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે.

કર્ક: ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

સિંહ: તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે.

કન્યા: આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે.

વૃશ્ચિક: આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે.

ધન: આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજે પણ તે ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મકર: આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે.

# સાવરકુંડલા લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલા શહેરમાં આવેલ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા તા. ૮ માર્ચ ૨૦૨૫ ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આશરે ૭૦ થી ૮૦ મહિલા કર્મચારીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. ગાયનેકોલોજીસ્ટ ડૉ. વંદિતા સલાટે મહિલાઓના



આરોગ્ય અને સશક્તિકરણ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડૉ. ધાર્મિબેને મહિલાઓ સમક્ષ આવતા પડકારો અને પરિવાર તેમજ કારકિર્દી વચ્ચે સંલુલન રાખવાના કૌશલ્ય અંગે વાત કરી હતી. ચંપાબેન બગડા અને ઉપાસનાબેન મકવાણાએ કાર્યસ્થાન અને ઘરની જવાબદારી સંભાળતી મહિલાના વાસ્તવિક અનુભવો શેર કર્યા હતા. આ અવસરે હોસ્પિટલના કાર્યરત મહિલા કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. દર્શનાબેન શિયાળે કર્યું હતું.

# વડીયાના તોરી ગામે ઢીકાપાટુ માર્યાની રાવ

**વડીયા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ**

વડીયા, તા.૧૦

વડીયાના તોરી ગામે ગાળો બોલીને ઢીકાપાટુ મારવામાં આવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. હિંમતભાઈ બચુભાઈ રાઠોડ (ઉ.વ.૫૫) એ મહેન્દ્ર પ્રવિણભાઈ સોલંકી, પ્રવિણભાઈ કાનજીભાઈ સોલંકી તથા નિમુબેન પ્રવિણભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના દીકરા કિશનનો લગ્ન પ્રસંગ હતો ત્યારે આરોપી સાથે બોલાચાલી ઝઘડો થયો હતો. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ જેમ ફાવે તેમ બિભત્સ ગાળો આપી હતી. ઉપરાંત તેમને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એલ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયા બાટવાદેવળી રોડ પર તંત્રએ રોડની પાટાપિંડી કરી લોકોને રાહત આપી

વડીયા, તા.૧૦

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડીયાથી ગોંડલ, રાજકોટ જવાનો મુખ્ય માર્ગ બાટવાદેવળી ગામના સીમાડા સુધી છેલ્લા ત્રણ વર્ષથી અતિ બિસ્માર હાલતમાં છે. આ રોડ પરથી રોજ પસાર થતા અનેક વાહનચાલકોના કમરના મણકા પણ ખસી ચુક્યા છે. સરકાર દ્વારા આ રોડ છેલ્લા છ માસ કરતા વધુ સમયથી મંજૂર કરવામાં આવ્યો છે. જાણવા મળતી વિગતો મુજબ બે વાર ટેન્ડર પ્રકિયા કરવા છતાં કોઈ કોન્ટ્રાકટર સરકારી ભાવે કામ કરવા તૈયાર નથી તેના કારણે આ રોડનું કામ છેલ્લા છ માસથી ટલ્લે ચડ્યું છે. લોકો પણ આ બાબતે હવે થાકેલા જોવા મળી રહ્યા છે ત્યારે લોકોની હાલાકી સમજીને અંતે કુંભકર્ણ નિંદ્રામાં સુતેલા તંત્રને અંતે જાણે સદબુદ્ધિ સુજી હોય તેમ વડીયા બસ સ્ટેન્ડ પાસેથી શરૂ કરીને ખરાબ રોડ પર વચ્ચેના ભાગે હાલ કામચલાઉ પેચવર્ક કરીને લોકોને રાહત આપી છે. લોકો એવા પણ મેણા મારી રહ્યા છે કે તંત્રને છેક ત્રણ વર્ષે આ યાદ આવ્યુ કે આ રીતે પણ રસ્તો રિપેર કરી શકાય તો બીજી બાજુ આ રસ્તો રિપેર થતા લોકોને પડતી હાલાકી પૂર્ણ રીતે તો દૂર થઈ નથી પરંતુ ચોક્કસ એમાં રાહત મળતી જોવા મળી રહી છે. ત્યારે જે મળ્યું તેમાં સંતોષ માની રસ્તો રિપેર કરનાર માર્ગ અને મકાન વિભાગના તંત્રનો લોકો આભાર માનતા જોવા મળ્યા હતા.

# સાવરકુંડલામાં ઉપાશ્રય સુશોભન તક્તી અનાવરણ વિધિ યોજાઈ

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલામાં શનિવારે રીટાબેન કિરીટભાઈ મગીયા પ્રેરિત ઉપાશ્રય સુશોભન તક્તી અનાવરણ વિધિ યોજાઈ હતી. ધીરગુરુદેવની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમમાં "પ્રભુના ચરણ...શરણમાં" વિષયે પ્રવચન અને સંઘ જમણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ આરોગ્ય મંદિરમાં ધીરગુરુદેવના



પ્રથમ આગમનથી હર્ષોલ્લાસ છવાયો હતો. પ્રમુખ હરેશભાઈ મહેતાએ ઋણ સ્વીકાર કર્યો હતો, જ્યારે ટ્રસ્ટી અમિત મગીયાએ સેવા ભાવનાની મહત્તા દર્શાવી હતી. લલ્લુભાઈ આરોગ્ય મંદિરમાં રોજની ૧૫૦૦ દર્દીઓની ઓપીડી વિનામૂલ્યે કરવામાં આવે છે. કેન્સરથી લઈને દરેક પ્રકારના ઓપરેશન, દવાનું વિતરણ અને ભોજન પણ ફ્રીમાં આપવામાં આવે છે.

**તંત્રી લેખ**

# હવે માત્ર પાણીથી ટ્રેન ચાલશે

આજથી ૫૦ વર્ષ પહેલા પાણીથી ટ્રેન ચાલતી હતી. પાણીનું સ્ટીમમાં રૂપાંતર કરવા માટે કોલસો બાળવામાં આવતો હતો જેને કારણે પ્રદૂષણ વધતું હતું તેમાં ધુમાડો ખૂબ નીકળે આમ છતાં આ ટ્રેન અતિશય લોકપ્રિય હતી અને આજે પણ આ ટ્રેનની લોકપ્રિયતા જરાપણ ઘટી નથી. આ ટ્રેન ભૂતકાળ બની ચૂકી છે આમ છતાં આજે ઈન્ટરનેટ પર તેના સૌથી વધુ વીડિયો જોવામાં આવે છે. આ ટ્રેન લગભગ દુનિયાના બધા દેશોમાંથી અદ્રશ્ય ગઈ થઈ છે પરંતુ તેના વીડિયો આજે સૌથી વધુ લોકો જોઈ રહ્યા છે. નાના બાળકોને પણ ધુમાડા કાઢતી જતી છુકછુક ગાડી ખૂબ ગમે છે પરંતુ હવે જમાનો બદલાયો છે. હવે ટ્રેન પાણીથી ચાલશે પરંતુ તેમાં કોલસાનો ઉપયોગ નહીં થાય માત્ર પાણીનો ઉપયોગ થશે અને આ પાણીનું રૂપાંતરણ હાઈડ્રોજનમાં થશે અને હાઈડ્રોજનથી આ ટ્રેન ચાલશે. જોકે હાઈડ્રોજન ખૂબ જ જોખમી છે તે ધડાકા સાથે ફાટે છે આમ છતાં આજે એવી ટેકનોલોજી ઝડપથી ડેવલપ થઈ રહી છે જે આ વિસ્ફોટને કંટ્રોલ કરી શકે છે. હાઈડ્રોજન એ એક રાસાયણિક તત્વ છે જે આવર્ત કોષ્ટકમાં સૌથી પહેલું સ્થાન ધરાવે છે. તે એક રંગહીન, ગંધહીન, સ્વાદવિહીન અને અત્યંત જ્વલનશીલ વાયુ છે. તે બ્રહ્માંડમાં સૌથી વધુ પ્રમાણમાં જોવા મળતું તત્વ છે, જે તારાઓ અને વાયુના વિશાળ વાદળોમાં જોવા મળે છે. હાઈડ્રોજનના કેટલાક મહત્વપૂર્ણ ગુણધર્મો નીચે મુજબ છેઃ રાસાયણિક પ્રતીકઃ H છે. પરમાણુ ક્રમાંકઃ ૧, પરમાણુ દળઃ ૧.૦૦૮ amu, છે. ઓરડાના તાપમાને તેની સ્થિતિઃ વાયુ રૂપે છે. તેની ઘનતાઃ ૦.૦૮૯૮૮ g/L (0° C, 1 atm) છે. અને ગલનબિંદુઃ -૨૫૯.૧૬° C તથા ઉત્કલનબિંદુઃ -૨૫૨.૮૭° C છે. હાઈડ્રોજન વાયુ અત્યંત જ્વલનશીલ એટલે કે હાઈલી ઈનફ્લેમેબલ છે. એની રાસાયણિક પ્રતિક્રિયાશીલતાઃ ખૂબ જ ઉંચી છે. ખાસ કરીને ઊંચા તાપમાને તે અતિશય સક્રિય બની જાય છે. હાઈડ્રોજનના ઉપયોગો અનેક ક્ષેત્રોમાં થાય છે ખાસ કરીને સૌથી વધુ ઉપયોગ ઔદ્યોગિક ક્ષેત્રે થાય છે. સૌથી વધુ ઉપયોગ એમોનિયાના ઉત્પાદનમાં, જે ખાતરોમાં વપરાય છે. આ ઉપરાંત તેલ શુદ્ધિકરણમાં તેનો ઉપયોગ થાય છે. હાઈડ્રોજનનો રીફાઈનરીમાં સૌથી મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે, જેનાથી પેટ્રોલિયમનું શુદ્ધિકરણ થાય છે. આ ઉપરાંત કોઈપણ ધાતુને જોડવા માટે વેલ્ડીંગની ટેકનોલોજીમાં તથા ધાતુને કાપવા માટે હાઈડ્રોજનનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. આ ઉપરાંત રસાયણ વિજ્ઞાનમાં મિથેનોલ અને અન્ય રસાયણોના ઉત્પાદનમાં પણ તેનો ઉપયોગ થાય છે. અન્ય ઉપયોગ ઊર્જા ઉત્પાદનમાં થાય છે. હાઈડ્રોજન ઈંધણ કોષોમાં એટલે કે બેટરીમાં વીજળી ઉત્પન્ન કરવા માટે વપરાય છે. તેને ભવિષ્યના સ્વચ્છ ઈંધણ સ્ત્રોત તરીકે ગણવામાં આવે છે. અવકાશ સંશોધનમાં તેનો વ્યાપક ઉપયોગ થાય છે. તે રોકેટ ઈંધણ તરીકે વપરાય છે. હાઈડ્રોજનનો ઉપયોગ અવકાશયાનમાં પણ થાય છે. ખોરાક ઉદ્યોગઃ તેનો ઉપયોગ વનસ્પતિ તેલના હાઈડ્રોજનેશનમાં થાય છે, જે માર્જરિન અને અન્ય ખાદ્ય ઉત્પાદનો બનાવવા માટે વપરાય છે. હાઈડ્રોજનના ફાયદા અનેક છે. જે નીચે મુજબ છે. તેસ્વચ્છ ઈંધણ છે. જ્યારે હાઈડ્રોજન બળે છે ત્યારે તે માત્ર પાણી ઉત્પન્ન કરે છે, કોઈ હાનિકારક વાયુઓ નહીં. પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધઃ પાણી અને અન્ય કાર્બનિક સંયોજનોમાં હાઈડ્રોજન પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. આ કારણોને લઈને ભારતે પણ હાઈડ્રોજનથી ચાલતી ટ્રેન બનાવવાનો કાર્યક્રમ હાથ ધર્યો છે અને તેમાં સફળતા પણ મેળવી છે. આગામી થોડા સમયમાં રેલવે ટ્રેક પર પાણીથી ચાલતી હાઈડ્રોજન ટ્રેન જોવા મળશે. ભારતમાં વંદે ભારત એક્સપ્રેસથી લઈને બુલેટ ટ્રેન દોડાવવા માટે થનગનતી ભારતીય રેલવેએ આગામી મહિનાઓ દરમિયાન સૌથી પહેલી હાઈડ્રોજન ટ્રેન દોડાવવા માટે તૈયારી હાથ ધરી છે. યસ, ૩૧ માર્ચ સુધીમાં દેશની પહેલી હાઈડ્રોજન ટ્રેન શરુ કરવા માટે તૈયારી કરી છે. આ ટ્રેન શરૂ થાય પછી ક્લિન એનર્જી અને ઈકો ફ્રેન્ડલી ઈનોવેશનવાળા દેશમાં જર્મની, ફ્રાન્સ, ચીન અને યુકે પછી હવે ભારતનો પણ સમાવેશ થશે.

# સુપરપાવર દેશો ભારતનો સહયોગ મેળવવા પ્રયાસ કરી રહ્યા છે

**પ્રાસંગિક**
સુરેશ દેસાઇ



ભારત તમામ ક્ષેત્રોમાં ધીમે ધીમે આત્મનિર્ભર બનતું જાય છે. સંરક્ષણ ક્ષેત્રે તેની નિકાસ વધતી જાય છે. બીજી બાજુ અનેક પ્રકારની એવી પ્રોડક્ટ છે જે અમેરિકા સહિતના દેશોમાં મોટા પ્રમાણમાં નિકાસ કરવામાં આવે છે. આવી રીતે અમેરિકામાંથી પણ મોટા પ્રમાણમાં ભારતમાં નિકાસ થઈ રહી છે. આ બાબતમાં જો સંતુલન ન જળવાય તો તેની અસર ભારત પર ઓછી પણ અમેરિકા પર વધુ પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી બાજુ ચાઈનાનો પ્રસ્તાવ છે કે ભારત અને ચાઈના સાથે મળે અને અમેરિકાનો સહયોગ મળે તો સોનામાં સુગંધ ભળે.

ભારત પોતે સક્ષમ જ છે. અવકાશ સંશોધનથી માંડીને સંરક્ષણ અને સંરક્ષણથી માંડીને વિકાસના તમામ ક્ષેત્રોમાં આજે ભારત તરફ પ્રગતિ કરી રહ્યું છે ત્યારે ચાઈના એમ માને છે કે ભારત, ચાઈના અને અમેરિકા ત્રણ દેશ ભેગા થાય તો ઘણું મોટું કામ થઈ શકે. આવો સંદેશ ચાઈનાએ અમેરિકાના પ્રેસિડેન્ટને આપ્યો છે.

આ વાત કહેવામાં સારી લાગે છે પરંતુ મોટા દેશોના પોતપોતાના હિતો એકબીજા સાથે સંકળાયેલા હોવાથી આ બાબત માનીએ તેટલી સહેલી નથી જ તેમ આંતરરાષ્ટ્રીય સમાચાર જગતના વિશ્લેષકો જણાવી રહ્યા છે.

ચીને ભારત સાથે મળીને કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ચીની લોકો કહે છે કે બંને દેશોએ એકબીજાથી સાવધ રહેવાને બદલે સહયોગ કરવો જોઈએ. ચીન ભારત સાથે મળીને કામ કરવા માંગે છે. હાથી અને ડ્રેગન વચ્ચે સકારાત્મક ભાગીદારી એ એકમાત્ર યોગ્ય પસંદગી છે. ચીને એમ પણ કહ્યું કે આપણે દ્વિપક્ષીય સંબંધો પર અન્ય મુદ્દાઓને પ્રભુત્વ ન આપવા જોઈએ.

ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ ભારત સાથેના સંબંધો પર ખુલીને વાત કરી હતી. તેમણે કહ્યું કે બંને દેશોએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. ચીન આ માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે આ એકમાત્ર રસ્તો છે જેના દ્વારા બંને દેશોના હિત પૂર્ણ થશે.

અમેરિકા તરફ ઈશારો કરતા વાંગ યીએ કહ્યું કે વૈશ્વિક દક્ષિણના મહત્વપૂર્ણ સભ્યો તરીકે, આપણી જવાબદારી છે કે આપણે આધિપત્યવાદનો વિરોધ કરવામાં અગ્રણી ભૂમિકા ભજવીએ.

તમારા કાયદેસર હિતોનું રક્ષણ કરવું જોઈએ. વાંગ યીએ વધુમાં કહ્યું કે બંને દેશોએ ફક્ત તેમના કાયદેસર અધિકારો અને હિતોનું રક્ષણ જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સંબંધોને સંચાલિત કરતા મૂળભૂત ધોરણોનું પણ પાલન કરવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે જો ચીન અને ભારત હાથ મિલાવે છે, તો આંતરરાષ્ટ્રીય બાબતોમાં વધુ લોકશાહી અને મજબૂત વૈશ્વિક દક્ષિણની સંભાવનાઓમાં ઘણો સુધારો થશે.

આ અંગે વાંગ યીએ કહ્યું કે ગયા વર્ષે રશિયાના કાઝાનમાં પીએમ મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે સફળ મુલાકાત બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં સકારાત્મક પ્રગતિ થઈ છે. વાંગ યીએ કહ્યું કે જો સરહદ કે અન્ય મુદ્દાઓ પર મતભેદો હોય તો તેની અસર સમગ્ર દ્વિપક્ષીય સંબંધો પર ન થવી જોઈએ. બે પ્રાચીન સભ્યતાઓ તરીકે, આપણી પાસે સરહદ મુદ્દાનો વાજબી ઉકેલ ન આવે ત્યાં સુધી સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવા માટે પૂરતી સમજ અને ક્ષમતા છે. તેમણે કહ્યું કે આપણે ક્યારેય દ્વિપક્ષીય સંબંધોને સરહદ પ્રશ્ન અથવા અન્ય કોઈપણ તફાવતો દ્વારા વ્યાખ્યાયિત થવા દેવા જોઈએ નહીં, જેથી આપણા સમગ્ર દ્વિપક્ષીય સંબંધો પ્રભાવિત ન થાય. સાથે મળીને કામ કરવાની જરૂર છે.

વાંગ યીએ વધુમાં કહ્યું કે ચીન માને છે કે સૌથી મોટા પડોશી હોવાને કારણે, બંને દેશોએ એકબીજાની સફળતામાં ભાગ લેવો જોઈએ. ડ્રેગન અને હાથી વચ્ચે સહકારી ભાગીદારી એ બંને પક્ષો માટે એકમાત્ર વાસ્તવિક વિકલ્પ ઉપલબ્ધ છે. એકબીજાને ઓછા આંકવાને બદલે, આપણે એકબીજાને ટેકો આપવો જોઈએ. બંને દેશોએ એકબીજા સામે સાવધ રહેવાને બદલે સાથે મળીને કામ કરવાની જરૂર છે. રાજદ્વારી સંબંધોના ૭૫ વર્ષ પૂરા થયા છે.

વાંગ યીએ કહ્યું કે ૨૦૨૫ માં, ચીન-ભારત રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરશે. ચીન બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત અને સ્થિર વિકાસના માર્ગ પર આગળ વધારવા માટે ભારત સાથે કામ કરવા તૈયાર છે. બીજી બાજુ અમેરિકાના પ્રતિનિધિ ભારતની મુલાકાતે ગઈકાલે આવ્યા ત્યારે તેમણે જે વિધાન કર્યું તે મુજબ ભારતે રશિયા પાસેથી શસ્ત્રો ખરીદવાનું બંધ કરવું જોઈએ', ઈન્ડિયા ટુડે કોન્ક્લેવમાં યુએસ વાણિજ્ય મંત્રી હોવર્ડ લુટનિકે કહ્યું કે ભારત રશિયા પાસેથી શસ્ત્રો ખરીદવાનું બંધ કરે તે જરૂરી છે.

શુક્રવારે લુટનિકે સમજાવ્યું કે રશિયા પાસેથી ભારતની શસ્ત્ર ખરીદી અને બ્રિક્સ (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા) જોડાણમાં તેની ભાગીદારી, જેણે યુએસ ડોલરને બદલવા માટે વૈકલ્પિક ચલણનો પ્રસ્તાવ મૂક્યો છે, તે દિલ્હીના વોશિંગ્ટન સાથેના સંબંધોને કેવી રીતે અસર કરે છે.

ઈન્ડિયા ટુડે કોન્ક્લેવ ૨૦૨૫માં ભારત-અમેરિકા સંબંધોની ચર્ચા કરતી વખતે યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે બ્રિક્સ દેશો દ્વારા પ્રસ્તાવિત વૈકલ્પિક ચલણ અને રશિયા સાથે ભારતના સંરક્ષણ વેપાર અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે ભારતે રશિયા પાસેથી શસ્ત્રો ખરીદવાનું બંધ કરવું જોઈએ.

શુક્રવારે લુટનિકે સમજાવ્યું કે રશિયા પાસેથી ભારતની શસ્ત્ર ખરીદી અને બ્રિક્સ (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા) જોડાણમાં તેની ભાગીદારી, જેણે યુએસ ડોલરને બદલવા માટે વૈકલ્પિક ચલણનો પ્રસ્તાવ મૂક્યો છે, તે દિલ્હીના વોશિંગ્ટન સાથેના સંબંધોને કેવી રીતે અસર કરે છે.


બ્રિક્સમાં ભારત એક એવું ચલણ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે જે વૈશ્વિક આર્થિક ચલણ તરીકે યુએસ ડોલરને બદલી શકે. આ બાબતો ભારત માટે આપણે જે પ્રેમ અને સ્નેહ અનુભવીએ છીએ તે ઉત્પન્ન કરતી નથી. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર ઈચ્છે છે કે અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધો વધુ ન્યાયી બને અને બંને દેશો વચ્ચે મજબૂત અને પ્રભાવશાળી ભાગીદારીનું નિર્માણ થાય. રશિયા પાસેથી ભારતની સંરક્ષણ ખરીદી સામે અમેરિકાનો વાંધો છે. તે ના હોવો જોઈએ. કારણકે પોતે કેવા શસ્ત્રો ખરીદવા કેવી રીતે ખરીદવાની ક્યાંથી ખરીદવા તે જે તે દેશની આંતરિક બાબત છે આ બાબતમાં બહારનો હસ્તક્ષેપો ચલાવી શકાય નહીં. ભારતનું સ્પષ્ટ માર્ગદર્શન છે તેમાં બાંધછોડને કોઈ અવકાશ નથી. આ દેશનો પોતાનો આંતરિક પ્રશ્ન છે. કોની પાસેથી શાસ્ત્રો ખરીદવા અને કોની પાસેથી ન ખરીદવા તે દેશનો આંતરિક મામલો હોવાથી તેમાં કોઈ દેશ હસ્તક્ષેપ કરી શકે નહીં તેમ ભારત સ્પષ્ટ માને છે. બીજી બાજુ લુટનિકે એ વાત પર પણ ભાર મૂક્યો કે રશિયા સાથે ભારતના ઐતિહાસિક સંરક્ષણ સંબંધોનો અંત લાવવો જોઈએ. તેમણે કહ્યું, તમે જાણો છો કે ભારતે ઐતિહાસિક રીતે તેની લશ્કરી શક્તિનો મોટો હિસ્સો રશિયા પાસેથી ખરીદ્યો છે, અને અમને લાગે છે કે તેનો અંત આવવો જોઈએ.

આ ઉપરાંત, તેમણે પુનરોચ્ચાર કર્યો કે ભારત વિશ્વના એવા થોડા દેશોમાંનો એક છે જે અમેરિકન માલ પર સૌથી વધુ ટેરિફ લાદે છે. તેમણે કહ્યું કે ભારતે ટેરિફમાં મોટો ઘટાડો કરવો પડશે જેથી અમેરિકા ભારતીય બજારમાં પ્રવેશ કરી શકે અને બંને દેશો વચ્ચે સમાન ધોરણે વેપાર થઈ શકે.

'ભારતે ટેરિફમાં વ્યાપક અને મોટો ઘટાડો કરવો જોઈએ, કૃષિ ક્ષેત્ર પણ ખોલવું જોઈએ', જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું કૃષિ ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવાથી ભારતની નરેન્દ્ર મોદી સરકારને રાજકીય રીતે નુકસાન નહીં થાય? લુટનિકે કહ્યું, 'ભારતીય બજારને કૃષિ ઉત્પાદનો માટે ખુલ્લું મૂકવું પડશે. તમારે સમજદારીપૂર્વક વેપાર કરવો પડશે. આ વ્યવસાય કરવાની રીત નથી. ભારતે તેના ટેરિફ ઘટાડવા જોઈએ અને અમેરિકાને તેના બજારમાં પ્રવેશવાની મંજૂરી આપવી જોઈએ. આ કંઈક મોટું કરવાનો સમય છે, ફક્ત કેટલાક ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવાથી કામ નહીં ચાલે. ધંધો સમજદારીથી કરવો જોઈએ.

**ભારત, અમેરિકા તથા ચાઇના ભેગા થાય તો જબરજસ્ત કામ થઈ શકે એવો સંદેશ ચાઇનાએ અમેરિકાને આપ્યો છે. વિશ્વના સૌથી મોટા બજાર તરીકે તેમજ ટેકનોલોજી અને ઔદ્યોગિક વિકાસમાં ભારત જે ઝડપથી આગળ વધી રહ્યું છે તે જોતા અમેરિકા પણ આશ્ચર્ય અનુભવે છે.**

## શબ્દ સંજોગ-૧૯૬૪



**આડી ચાવી :**
(૧) યમરાજ પાસેથી બ્રહ્મવિદ્યા શીખી લાવનાર બ્રાહ્મણ કુમાર (૪)
(૪) પેટનો ઝૂલતો ભાગ (૨)
(૭) એક પેટા ઋતુ (૩)
(૯) ભરોસો, આધાર (૩)
(૧૦) સોનાનું તદ્દન પાતળું બારીક પડ (આ-અ) (૩)
(૧૧) સરસ્વતી (૩)
(૧૨) ..... હો તો માળવે જવાય (૨)
(૧૩) આનંદ ખાતર કરેલી મજાક (૩)
(૧૬) ધતૂરો, સોનું (૩)
(૧૮) તલવાર (૪)
(૨૦) સાચું, સારું (૨)
(૨૪) સહેજ ઈશારો કે સૂચના (૩)
(૨૬) એક વાનગી (૩)
(૨૭) લોહીનું ફરવું બંધ પડી જવાથી અંગ ઝણઝણે તે (૨)
(૨૮) કમળ (૩)

**ઉભી ચાવી :**
(૧) કશું ખાધા વગરનો ઉપવાસ (૪)
(૨) શ્રી કૃષ્ણનું એક નામ (૩)
(૩) તંતુ, દોરો, રેલો (૨)
(૫) ધમકીને ડરામણી (૪)
(૬) ઘરનો આગલો ખંડ (૪)
(૮) રાવણ (૪)
(૧૨) મગરમચ્છ (૩)
(૧૪) સૂર્ય-ચંદ્ર કે કોઈપણ ગ્રહનું પૂર્ણગ્રહણ (૩)
(૧૫) રાજનીતિના ચાર ઉપાયોમાંનો એક (૨ )
(૧૭) જીવનસાથી પસંદગી વખતે આ પણ ધ્યાનમાં લેવાય છે (૨)
(૧૮) ગાડું
(૧૯) એક વૃક્ષ (૩)
(૨૧) વ્યવસ્થા, યુક્તિ (૪)
(૨૨) મોટું અને સુંદર બાંધણીનું મકાન (૩)
(૨૩) એક જાતનું પહેરણ (૩)
(૨૫) શેરડી પીલવાનો સંચો (૨)

## શબ્દ સંજોગ-૧૯૬૩ જવાબ

**આડી ચાવીઃ** (૧) અનૂરુ (૩) અમન (૬) ખસમ (૮) ખપત (૯) રાન (૧૦) પાલખ (૧૨) ખોટ (૧૩) ચાતક (૧૫) રગડ (૧૬) પાંખ (૧૭) દવ (૧૯) ખો (૨૦) ચક્ર (૨૨) અજ (૨૪) બી (૨૫) માંડવ (૨૮) નમ (મન) (૩૦) રકમ (૩૧) યામમત્સ્ય (૩૨) રોગ.
**ઉભી ચાવીઃ** (૧) અભરાભરણ (૨) રૂખ (૩) અમલ (૪) નખ (૫) યાતના (૭) સપાટ (૧૧) ખચાખચ (૧૨) ખોડ (૧૪) કદ (૧૮) વટાવ (૨૧) ક્રમાંક (૨૩) જનમ (૨૬) ડમરો (૨૭) દયા (૨૯) મત્સ્ય (૩૦) રફી.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૫૩૨ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૯૦૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૪૮૦ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૦૫૪ |
| ચણા સફેદ | ૧૩૧૦ | ૨૦૦૫ |
| અડદ | ૧૧૫૧ | ૧૫૭૫ |
| મગ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૧૦૬૦ | ૧૩૩૨ |
| ચોળી | ૧૨૦૦ | ૧૯૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૮૪૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૨૪૦ |
| તલી | ૧૫૦૦ | ૨૦૫૦ |
| એરંડા | ૧૨૧૦ | ૧૨૪૩ |
| સુવા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૬ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૩૨૦ |
| કાળા તલ | ૩૨૦૦ | ૫૩૩૦ |
| લસણ | ૯૦૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૭૩૦ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૦૦૦ |
| ધાણી | ૧૧૫૦ | ૧૮૫૨ |
| વરીયાળી | ૧૨૫૦ | ૧૭૯૫ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૯૧૫ |
| રાય | ૧૦૧૦ | ૧૨૭૦ |
| મેથી | ૮૫૦ | ૧૩૦૦ |
| અશેરીયો | ૧૨૭૫ | ૧૩૨૫ |
| રાયડો | ૯૫૦ | ૧૦૫૫ |
| ગુવારનું બી | ૮૪૧ | ૮૪૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૮૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૨૪૦૦ |
| તરબુચ | ૨૩૦ | ૪૫૦ |
| બટેટા | ૧૪૦ | ૩૨૧ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૪૦૦ |
| ટમેટા | ૫૦ | ૧૫૦ |
| સુરણ | ૫૦ | ૧૫૦ |
| કોથમરી | ૨૦૦ | ૩૦૦ |
| સકરીયા | ૨૦૦ | ૩૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૫૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૮૫૦ | ૧૧૩૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ચોળાસીંગ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૯૫૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૩૦૦ | ૭૮૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૫૦ | ૩૫૦ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૩૫૦ | ૫૫૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૨૦ | ૨૮૦ |
| મેથી | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૮૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૧૬૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૩૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૩૦ | ૨૬૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૮૬ | ૧૦૭૪ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૫૮ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| તલ સફેદ | ૧૦૫૦ | ૨૧૪૯ |
| બાજરો | ૩૯૦ | ૬૪૦ |
| જુવાર | ૩૬૦ | ૮૬૨ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૬૮ |
| ઘઉં લોકવન | ૫૦૨ | ૫૩૦ |
| અડદ | ૯૬૦ | ૧૨૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૬ |
| દેશી ચણા | ૧૧૧૫ | ૧૨૨૨ |
| સફેદ ચણા | ૧૦૪૪ | ૧૨૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૧૦ |
| કપાસ | ૭૦૦ | ૧૫૦૭ |
| એરંડા | ૧૧૮૯ | ૧૨૨૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૯૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૩૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| ધાણી | ૧૦૦૦ | ૨૯૬૦ |
| અજમા | ૧૩૦૦ | ૧૯૯૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૧૦ |
| સોયાબીન | ૬૨૦ | ૭૨૦ |
| મરચા લાંબા | ૩૪૦ | ૪૭૮૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૪૦ | ૩૨૦ |
| રીંગણાં | ૪૧૦ | ૫૧૦ |
| ફુલાવર | ૧૫૦ | ૨૦૦ |
| કોબીજ | ૯૦ | ૧૧૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટામેટા | ૭૦ | ૧૧૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૨૦ | ૫૨૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૧૧૦ | ૩૧૦ |
| ગુવાર | ૮૧૦ | ૧૬૧૦ |
| વાલોળ | ૬૧૦ | ૭૧૦ |
| વટાણા | ૬૦૦ | ૮૦૦ |
| ચોળા લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૨૦ | ૮૨૦ |
| શક્કરટેટી | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| તુવેર | ૪૫૦ | ૫૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૩૦૦ | ૪૦૦ |
| ફુદીનો | ૬૩૦ | ૭૩૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૧૪૦ | ૧૬૦ |
| સરગવો | ૪૧૦ | ૫૧૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૮૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| મરચા લાલ | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૩૦ | ૩૩૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૪૦૦ |
| લસણ લીલુ | ૫૦૦ | ૬૦૦ |
| લસણ સુકુ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૧૬૦ | ૨૧૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૬૨૦ | ૭૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૪૬૧ |
| કપાસ બી. ટી. | ૧૦૦૦ | ૧૪૫૧ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૦૮૬ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૯૧ | ૧૨૯૬ |
| મરચા સૂકા પટ્ટો | ૫૦૧ | ૬૪૦૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૧૨૩૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૪૬૧ |
| અડદ | ૬૧૧ | ૧૭૦૧ |
| મઠ | ૭૦૧ | ૭૦૧ |
| તુવેર | ૭૧૧ | ૧૪૪૧ |
| રાયડો | ૯૩૧ | ૧૦૬૧ |
| રાય | ૧૦૮૧ | ૧૧૨૧ |
| મેથી | ૮૩૧ | ૧૩૨૧ |
| કાંગ | ૪૦૧ | ૭૨૧ |
| મરચા | ૫૦૧ | ૨૭૫૧ |
| મગફળી જાડી | ૬૦૧ | ૧૧૫૬ |
| સફેદ ચણા | ૧૦૫૬ | ૧૮૮૧ |
| તલ - તલી | ૧૫૦૧ | ૨૧૦૧ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૨૩૮ |
| જુવાર | ૭૩૧ | ૯૮૧ |
| મગ | ૧૪૫૧ | ૧૪૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| વાલ | ૩૦૦ | ૧૩૩૧ |
| સોયાબીન | ૪૮૧ | ૭૮૧ |
| કળથી | ૪૫૧ | ૪૫૧ |
| ગોગળી | ૬૪૧ | ૯૯૧ |
| વટાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦ | ૨૦૦ |
| મરચા | ૧૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૬૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| વાલ | ૫૦૦ | ૯૦૦ |
| વટાણા | ૫૦૦ | ૮૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૬૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૨ | ૫ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૯ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| ઘીસોડા | ૪૨૦ | ૮૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૧૦ | ૧૪ |
| સરગવો પુરા | ૧૫ | ૨૫ |
| ચોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૪૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૫૦ | ૩૦૦ |
| આદુ | ૬૨૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૪૦ | ૧૬૦ |
| લસણ પુરા | ૧૨ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૩ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| કપાસ મીડીયમ | ૧૧૧૦ | ૧૩૭૦ |
| મગફળી | ૧૦૧૦ | ૧૦૫૦ |
| મગફળી બીટી | ૯૭૦ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૩૫ | ૧૦૪૫ |
| જીરૂ | ૩૫૪૫ | ૩૯૫૫ |
| ઘઉં | ૪૮૫ | ૫૨૫ |
| તુવેર | ૧૨૮૫ | ૧૪૧૫ |
| ધાણા | ૧૧૧૦ | ૧૯૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૩ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૪૦૭ | ૪૦૭ |
| ચણા | ૭૦૦ | ૧૦૨૮ |
| સોયાબીન | ૫૦૦ | ૭૦૦ |
| ધાણા | ૭૦૦ | ૧૩૨૨ |
| રાય | ૧૦૨૦ | ૧૦૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૭૦૦ | ૧૩૫૦ |
| તલસફેદ | ૧૧૦૦ | ૨૧૦૦ |
| શીંગફાડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૫૮૦ | ૫૮૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૧૦૦ |
| મગફળી | ૫૩૦ | ૧૦૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૨૦ | ૧૪૨૧ |
| મગફળી | ૮૭૦ | ૮૭૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૫૬૦ |
| ચણા | ૧૦૦૮ | ૧૦૪૧ |
| તુવેર | ૯૦૦ | ૧૩૭૫ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૫૧ |
| સોયાબીન | ૬૨૦ | ૬૬૫ |
| અડદ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૪૫ |
| મગફળી | ૯૦૦ | ૧૦૧૧ |
| ચણા | ૧૦૨૪ | ૧૦૪૧ |
| સોયાબીન | ૭૧૦ | ૭૧૩ |
| તુવેર | ૧૦૦૭ | ૧૨૫૧ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ધાણા | ૧૦૫૧ | ૧૨૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૨ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૬ |
| મગફળી | ૭૦૦ | ૯૪૬ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૧૬૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૬૯૬ |
| જીરૂ | ૨૭૦૧ | ૩૪૭૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૬૧૬ |
| સોયાબીન | ૬૦૦ | ૬૮૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦ | ૧૦૨૫ |
| શીંગ મોટી | ૯૮૦ | ૧૦૭૫ |
| તલ કાળા | ૩૯૦૦ | ૫૦૦૦ |
| તલ પીળા | ૨૧૦૦ | ૨૨૧૨ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૩૫૦ |
| કપાસ | ૧૩૩૦ | ૧૪૪૦ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૫૬૯ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૫૮૦ |
| જુવાર | ૫૦૦ | ૮૩૬ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૮૦ |
| દેશી ચણા | ૧૧૫૧ | ૧૨૫૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| એરંડી | ૧૧૯૦ | ૧૨૦૭ |
| રાય/રાયડો | ૯૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૨૧૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૨૬ |
| અજમા | ૧૫૦૦ | ૧૯૨૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૪૬ |
| કપાસ સીગ્રેડ | ૬૫૦ | ૯૪૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૧૦૧૦ | ૧૦૬૭ |
| મગફળી ૩૨નં | ૯૮૦ | ૧૦૩૯ |
| બાજરો | ૪૨૫ | ૬૦૨ |
| ઘઉં | ૪૩૦ | ૫૧૫ |
| રાય | ૯૨૫ | ૧૦૨૮ |
| રાયડો | ૮૮૦ | ૧૦૨૨ |
| મેથી | ૬૦૦ | ૧૧૪૨ |
| તુવેર | ૧૨૨૦ | ૧૪૨૨ |
| જુવાર | ૫૬૦ | ૯૮૬ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૧૦ |
| ચણા | ૮૭૦ | ૧૦૩૯ |
| સોયાબીન | ૬૫૦ | ૭૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૭૫ |
| તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| તલ પીળા | ૨૦૫૨ | ૨૧૪૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| બાજરો | ૫૨૦ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૪૨૪ | ૫૭૮ |
| જુવાર | ૬૬૦ | ૯૬૮ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૭૭ |
| ચણા | ૯૬૫ | ૧૦૬૯ |
| જીરૂ | ૨૯૦૦ | ૩૭૦૦ |
| રાય | ૯૪૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૨૫ | ૧૦૬૯ |
| સોયાબીન | ૭૦૧ | ૭૨૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૧૦૬૧ |
| શીંગ જી-૨૦ | ૧૦૩૦ | ૧૦૭૦ |
| એરંડા | ૧૨૨૬ | ૧૨૫૦ |
| જુવાર | ૩૩૩ | ૯૦૦ |
| બાજરી | ૪૨૧ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૬૦૬ |
| મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| અડદ | ૬૦૦ | ૧૨૮૦ |
| મગ | ૧૧૪૦ | ૧૭૧૫ |
| સોયાબીન | ૭૩૬ | ૭૫૧ |
| ચણા નં.૩ | ૭૭૦ | ૧૦૪૫ |
| ચણા દેશી | ૧૦૮૪ | ૧૨૪૪ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૦૫ |
| તલ પુરબીયા | ૨૨૬૦ | ૨૩૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૪૦૭ |
| જીરૂ | ૨૦૨૦ | ૩૯૯૦ |
| ડુંગળી લા. દેશી | ૧૦૦ | ૩૪૬ |
| ડુંગળી ગુ. માઈક્રો | ૧૭૨ | ૩૫૭ |
| ડુંગળી સ. ડી. | ૧૯૦ | ૨૫૪ |
| નાળીયેર | ૩૫૧ | ૨૬૨૬ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૭૭૫ |
| બાજરો | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૬ |
| મગ | ૧૩૦૦ | ૧૩૩૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૩૫ |
| મઠ | ૩૫૦ | ૪૦૦ |
| ચોળી | ૯૦૦ | ૯૫૦ |
| વાલ | ૯૫૦ | ૧૧૬૦ |
| મેથી | ૧૦૦૫ | ૧૧૮૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૫૧ |
| ચણા સફેદ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૧૨૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૫૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૧૪ |
| તલ | ૭૦૦ | ૧૮૦૦ |
| રાયડો | ૮૦૫ | ૧૦૩૯ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૬૩ |
| લસણ | ૫૦૦ | ૧૦૬૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૦૬ |
| જીરૂ | ૨૩૦૦ | ૩૮૫૦ |
| અજમો | ૧૮૦૦ | ૪૨૪૫ |
| ધાણા | ૯૦૦ | ૧૭૭૫ |
| ધાણી | ૧૮૦૦ | ૨૧૮૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૫૦ |
| રાજમા | ૫૦૦ | ૧૨૨૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed a t Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**મેયર નયનાબેન પેઢડીયા અને રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી ઉપસ્થિત રહ્યા**

# રાજકોટમાં ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વિશ્વ મહિલા દિવસની ઉજવણી

રાજકોટ, તા.૧૦



રાજકોટમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના નેજા હેઠળ કાર્યરત શ્રી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ૮ માર્ચના સાંજે ૪ કલાકે વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે નારી તું નારાયણી કાર્યક્રમ યોજાયો હતો. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રી સરદાર પટેલ ભવન ખાતે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયાનું મા ખોડલની પ્રતિમા અને ખેસ પહેરાવીને સમિતિ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર અને જિલ્લા પંચાયતના પ્રમુખે બહેનોને પરિવારભાવના કેવી રીતે કેળવવી અને પરિવારમાં સંપ જાળવીને કેવી રીતે જીવવું તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. પોતે હાલ જે હોદ્દા પર પહોંચ્યા છે તેમાં પણ સમાજની સર્વે બહેનોનો ખૂબ જ સાથ સહકાર મળ્યો છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે મનસુખભાઈ વસોયાએ મહિલાઓને હાસ્યરસ પિરસ્યો હતો અને સાથે મહિલાઓને જીવન ઉપયોગી વાતો રજૂ કરી હતી. ત્યારબાદ સિંગર ધારાબેન પટેલે ગરબાની રમઝટ બોલાવી હતી અને ઉપસ્થિત તમામ મહિલાઓ ગરબે રમી હતી.

# ઘોર કળિયુગ: બગસરા પંથકમાં સગા બાપે સગીર દીકરી પર બળાત્કાર ગુજાર્યો

બગસરા, તા.૧૦

બગસરા પંથકમાં સગા બાપે દીકરી પર બળાત્કાર ગુજારતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે સગીરાનાં ફઈબાએ બગસરા પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર દીકરીના પિતા વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે હાલમાં ફરિયાદી બહેન બગસરા તેના બા, દાદી તથા તેના ભાઈ સાથે છેલ્લા એક માસથી રહેતા હતા. તેના ભાઈને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. જે ભોગબનનાર છે તેની ઉંમર ૧૬ વર્ષની છે. આ ભોગ બનનાર દીકરીના મમ્મી અને મારા ભાઈના આશરે ૧૦ વર્ષ પહેલાં છૂટાછેડા થઈ ગયેલા છે. ગઈકાલના રાત્રિના મારા ભાઈએ પોતાની નોકરી પરથી પરત આવીને જમવા તથા સુવા બાબતે બોલાચાલી કરી માથાકૂટ કરી હતી ત્યારે ભોગ બનનાર દીકરીને પૂછતા તેમણે કહ્યું કે મારે અહીંયાથી જતું રહેવું છે. જ્યારે વધુમાં પૂછતા તેમને જણાવ્યું કે મારા પપ્પા મારી સાથે છેલ્લા બે મહિનાથી બળાત્કાર ગુજારી રહ્યા છે. અને જો તું આ બાબતની જાણ કોઈને કરીશ તો હું તને મારી નાખીશ આવી ધમકી આપીને મારી સાથે અવારનવાર દુષ્કર્મ આચરે છે. હાલમાં મારા ફઈબા અહીંયા આવેલા છે ત્યારે તેને આવું ન થઈ શકતા તે ગુસ્સે ભરાઈને મને મારી નાખવાની અથવા તો મારકૂટ કરવાની ધમકી આપે છે.

**મુસાફરે બસમાં મુસાફરી દરમિયાન બે રૂપિયા માંગવાના મુદ્દે**

# બગસરાના કંડકટરે મુસાફરને સણસણતો લાફો ઝીંકી દેતા પોલીસ ફરિયાદ

**મુસાફરે જ્ઞાતિ પ્રત્યે હડતૂત કર્યા હોવાની પણ પોલીસ ફરિયાદ નોંધાવી**

બગસરા, તા.૧૦

આંકોલવાડી-બગસરા બસના કંડકટરે એક મુસાફરને બે રૂપિયા બાકી હોવાના મુદ્દે સણસણતો તમાચો ઝીંકી દેતા મુસાફરે કંડકટર વિરૂધ્ધ બગસરા પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી વીરજીભાઈ ચકુભાઈ પરમારે ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ જાંબુડાથી બગસરા આવવા માટે બસમાં બેઠા હતા જેમાં ટિકિટના બાકી નીકળતા બે રૂપિયા કંડકટર ભરત ભાંગરા પાસે માંગતા તેણે છુટ્ટા ન હોવાનું જણાવ્યુ હતું જેથી બસ બગસરા પહોંચતા ફરિયાદીએ આઠ રૂપિયા છુટ્ટા આપી રૂ.૧૦ની માંગણી કરતા કંડકટરનો પિત્તો છટક્યો હતો અને મુસાફર અનુ.જાતિનો હોવાનું જાણવા છતાં જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી સણસણતો તમાચો ઝીંકી દીધો હતો. જેથી ફરિયાદી મુસાફરે કંડકટર સામે બગસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. કંડકટરના આવા વર્તન સામે મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે.

# ધૂળેટી નિમિત્તે ટીંબીની માનવસેવા હોસ્પિટલ એક દિવસ બંધ રહેશે

ટીંબી, તા.૧૦

ઉમરાળા તાલુકાના ટીંબી ગામે આવેલી સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ધૂળેટીના તહેવાર નિમિત્તે ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ એક દિવસ માટે બંધ રહેશે. હોસ્પિટલ સત્તાવાળાઓએ આ અંગેની જાહેરાત કરી છે. હોસ્પિટલ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, ધૂળેટીના તહેવારને કારણે ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ શુક્રવારે હોસ્પિટલમાં નિયમિત સેવાઓ બંધ રહેશે. જો કે, ઈમરજન્સી અને પ્રસૂતિ વિભાગ આ દિવસે પણ ૨૪ કલાક કાર્યરત રહેશે. હોસ્પિટલ ૧૫ માર્ચ, ૨૦૨૫ના રોજ શનિવારથી રાબેતા મુજબ કાર્યરત થશે. હોસ્પિટલ સત્તાવાળાઓએ દર્દીઓને આ અંગેની જાણકારી આપી છે અને અસુવિધા માટે ખેદ વ્યક્ત કર્યો છે. વધુ વિગતો માટે હોસ્પિટલનો ફોન નં. (૦૨૮૪૩) ૨૪૨૦૪૪/ ૨૪૨૪૪૪, મો.૮૭૫૮૨૩૪૭૪૪/ ૮૧૫૬૦૯૯૫૩ પર સંપર્ક કરવો.

# જસદણમાં ૮૦ વર્ષીય પિતાએ બીજા લગ્ન કરવામાં અવરોધરૂપ પુત્રની ગોળી મારી હત્યા કરી!

જસદણ, તા.૧૦



જસદણમાં કાઠી ક્ષત્રિય અગ્રણી પુત્રની પિતાના હાથે હત્યા થઈ હતી. મૃતકના પત્નીએ નોંધાવેલી ફરિયાદમાં ચોંકાવનારૂ કારણ સામે આવ્યું હતું. જેમાં ૮૦ વર્ષના વૃદ્ધ પિતાએ તેમની પત્નીના અવસાન બાદ બીજા લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ પરિવારના સભ્યો અને પુત્ર તેનો વિરોધ કરતા હતા. દરમિયાન આ બાબતે ગઈકાલે બન્ને પિતા-પુત્ર વચ્ચે ઝઘડો થતાં વૃદ્ધ પિતાએ બે રાઉન્ડ ફાયરિંગ કરી પુત્રની હત્યા કરી હતી. જે અંગે જસદણ પોલીસે ગુનો નોંધી પિતાની ધરપકડ કરી હતી. આ ઘટનાની વિગતો મુજબ, જસદણમાં ગીતાનગરમાં રહેતા કાઠી ક્ષત્રિય આગેવાન પ્રભાતભાઈ રામકુભાઈ બોરીચાની ગઈકાલે તેના પિતાએ જ ઝઘડો થયા બાદ હત્યા કરી હતી. પ્રાથમિક તપાસમાં પિતા-પુત્ર વચ્ચે જમીન વાવવાને લઈ ઝઘડો થયો હોવાનું સામે આવ્યું હતું. આ બનાવમાં મૃતકના પત્ની જયાબેન પ્રભાતભાઈ બોરીચાની ફરિયાદમાં આરોપી તરીકે પોતાના સસરા રામભાઈ ઉર્ફે રામકુભાઈ આલેકભાઈ બોરીચાનું નામ આપ્યું હતું. ફરિયાદીએ જણાવ્યું હતું કે, આજથી ૨૦ વર્ષ પહેલા તેમના સાસુ ગુજરી ગયા અને સસરાને બીજા લગ્ન કરવા હોવાથી તેઓ ઘરના સભ્યો સાથે વારંવાર ઝઘડો કરતા હતા.

# ડોક્ટરો દ્વારા ભાવનગરથી દીવ સુધી યોજાઈ સાયકલ યાત્રા

ભાવનગર, તા.૧૦



ભાવનગરના ડોક્ટરો દ્વારા ભાવનગરથી દીવ સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ બાર જેટલા ડોક્ટરો તેમજ ત્રણ મહિલાઓ સાથે કુલ ૧૫ જેટલી વ્યક્તિઓ આ સાયકલ યાત્રામાં જોડાયા હતા. ભાવનગરથી દીવ કુલ ૨૦૦ કિલોમીટરની આ સાયકલ યાત્રા ભાવનગરના ડોક્ટર દ્વારા યોજવામાં આવી હતી. ફિટ ઈન્ડિયા અંતર્ગત આ સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહુવા રાત્રિ રોકાણ કર્યા બાદ રાજુલા આવી પહોંચતા રાજુલાના ડોક્ટરની ટીમ ડોક્ટર મુછડીયા, ડોક્ટર વાઘમશી તેમજ ભુપતભાઈ જોશી, મનજીભાઈ ટાંક, સંજયભાઈ મકવાણા તેમજ ભાયાભાઈ વાળા સહિતના લોકોએ રાજુલા જય ભગવતી હોટેલ ખાતે તમામ ડોક્ટર્સને પુષ્પગુચ્છ આપી સ્વાગત સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વેરાવળ નગરપાલિકાના સભાખંડમાં ઘરેલું હિંસા વિશે શિબિર યોજાઈ

ગીર સોમનાથ, તા.૧૦



જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા વેરાવળ નગરપાલિકા સભાખંડ ખાતે મહિલાઓને કાયદાકીય અને સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાની માહિતી આપવામાં આવી હતી. ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત યોજાયેલી આ શિબિરમાં જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી સોનલ રાઠોડ દ્વારા કાયદાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કાર્યરત વિવિધ મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંકલ્પ નો સ્ટાફ, સખી વન સ્ટોપ સેન્ટરનો સ્ટાફ, મહિલા અભયમ ૧૮૧ હેલ્પ લાઈનનો સ્ટાફ, તાલુકા હેલ્થ વિભાગનો સ્ટાફ તેમજ નગરપાલિકા સેક્રેટરી, સેનેટરી ઈન્સ્પેક્ટર, સફાઈ કર્મચારી મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉદ્યોગોને ગ્રીન એનર્જી પૂરી પાડવાની રાજ્ય સરકારની નેમ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હરિત ઊર્જાને વેગ આપવા રાજ્યમાં ઉદ્યોગોને પણ ગ્રીન એનર્જી પૂરી પાડવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે રાજ્ય સરકારે એગ્રીકલ્ચર સેક્ટરમાં ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપ્યું છે, તેવી જ રીતે હવે ઈન્ડસ્ટ્રીયલ સેક્ટરમાં પણ વધુને વધુ ઉદ્યોગોને ગ્રીન એનર્જીના ઉપયોગ તરફ વાળવા છે. મુખ્યમંત્રી સી.આઈ.આઈ. ગુજરાત આયોજિત એન્યુઅલ મિટ-૨૦૨૫માં સંબોધન કરી રહ્યા હતા. આ મિટિંગમાં 'વિકસિત ગુજરાત-પાવરિંગ અ પ્રોસ્પરસ ઈન્ડિયા'ની વિષયવસ્તુ સાથે ચર્ચા-સત્રો પણ યોજવામાં આવ્યા હતા. વડાપ્રધાનના આ અભિગમને સાકાર કરવા ગુજરાત સંકલ્પબદ્ધ છે. ગત વાયબ્રન્ટ સમિટમાં ગ્રીન એનર્જીને પ્રાધાન્ય આપીને કુલ એમ.ઓ.યુ.માંથી અડધો અડધ એમ.ઓ.યુ. આ ક્ષેત્ર માટે કરવામાં આવ્યા છે.

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અમરેલી દ્વારા માતૃશક્તિ વંદના કાર્યક્રમની ઉજવણી

અમરેલી, તા.૧૦



અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અમરેલી દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે માતૃ શક્તિ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મુરલીધર અલંગ ટ્રેડિંગના વિશાળ પટાંગણમાં યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના નવનિયુક્ત ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનું માતૃશક્તિ અને જિલ્લા સંગઠન પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા નયનાબેન શુક્લે નારીને માતૃ સ્વરૂપા ગણાવી હતી અને સમાજ જીવનમાં તેમના મહત્વને સમજાવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ ભીખાભાઈ ધોરાજીયાએ બાળકોના મોબાઈલ વપરાશ પર અંકુશ લાવવા અને પરિવારની જવાબદારી માટે ઘરની ચાર દિવાલોમાંથી બહાર આવવા માટે મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમના યજમાન અને દાતા બાલુભાઈ ગઢીયાનો આભાર માનવામાં આવ્યો હતો.

# હોળી પહેલા ડાકોર મંદિરમાં ભક્તો માટે દર્શનના સમયમાં ફેરફાર

(એચ.એસ.એલ),ડાકોર,તા.૧૦

હોળીના તહેવાર નિમિત્તે સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે ફાગણી પૂનમનો મેળો યોજાનાર છે. ત્યારે મેળાને લઈ ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા રણછોડરાયજી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મેળા દરમિયાન ભક્તોની સંખ્યામાં વધારો થશે તેવી બાબતને ધ્યાનમાં રાખીને મેળાના ૨ દિવસ દર્શનનો ટાઈમ વધારવામાં આવ્યો છે. ફાગણી પૂનમના મેળાને લઈ ડાકોર રણછોડરાયજી મંદિરે ભાવિકોનો વિશાળ મહેરામણ ઉમટે છે. જે દરમિયાન વિશાળ સંખ્યામાં પહોંચતા દર્શનાર્થીઓની સગવડ માટે ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા રાજાધિરાજ રણછોડરાયજી ભગવાનના દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ડાકોરમાં ફાગણી પૂનમના મેળાને લઈ રણછોડરાયજીના દર્શનનો સમય ફાગણ સુદ ૧૪ (હોળી પૂજન) તારીખ ૧૩ માર્ચ ૨૦૨૫ ગુરૂવારના રોજ દર્શનનો સમય: ૪:૪૫ વાગે નિજ મંદિર ખુલશે, ૫:૦૦ વાગે મંગળા આરતી થશે.

# કોડીનાર તાલુકા અને શહેરમાં યુવા બ્રહ્મસમાજની રચના થઈ

કોડીનાર,તા.૧૦



તસ્વીર : ધર્મેશ પાઠક

ગીર સોમનાથ જિલ્લા બ્રહ્મસમાજ પ્રમુખ તુષારભાઈ પંડ્યાના અધ્યક્ષ સ્થાને કોડીનાર ખાતે બ્રહ્મસમાજની અગત્યની બેઠક મળી હતી. આ બેઠકમાં કોડીનાર તાલુકા અને શહેર બ્રહ્મસમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજનાં વિકાસ અને શિક્ષણ, વ્યાપાર અને સામાજિક કામગીરી સંદર્ભે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. કોઈપણ સામાજિક કાર્યમાં યુવા શક્તિનું અનેરૂ યોગદાન હોય છે. આથી તાલુકા યુવા બ્રહ્મસમાજની કારોબારીની રચના કરવામાં આવી હતી. જેના પ્રમુખપદે પાર્થભાઈ પુરોહિતની તથા ઉપપ્રમુખ પદે જયદીપભાઈ પંડ્યાની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત હિમાંશુ જાની- મહામંત્રી, હાર્દિક જોશી-સંગઠન મંત્રી, કેવમ સ્માર્ટ-મંત્રી, દેવ પુરોહિત-ખજાનચી, કરણ પુરોહિત, રવિ ચટ, હર્ષ પંડ્યા, નિશાંત જોશી, સમીર જોશી, કૃષ્ણપ્રસાદ જાની, ધર્મેશ પાઠકની કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી હતી. આ તકે બ્રહ્મસમાજના મહાનુભાવો બીપીનભાઈ ઉપાધ્યાય, બીપીનભાઈ જાની, ડો.રાજેશ ઉપાધ્યાય, આર્કિટેક્ટ બીરેન્દ્ર પાંડે, મુકેશભાઈ મહેતા, કુલદીપભાઈ પાઠક, જીજ્ઞેશભાઈ પાઠક, ભરતભાઈ જોશી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલમાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ફૂલ ફાગ રસિયાનો જાજરમાન કાર્યક્રમ યોજાયો

ગોંડલ,તા.૧૦



તસ્વીર : ભોજાણી દેવાંગ

ગોંડલમાં ૮ માર્ચના રોજ શ્રી સોમયાજી દીક્ષિત વૈષ્ણવાચાર્ય પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી હરિરાયજી મહોદયશ્રીના સાનિધ્યમાં જાજરમાન હોલી રસિયા ફૂલ ફાગ ઉત્સવ યોજાયો હતો. મનોરથી પી -માર્ટ, શ્રી રામ કોમ્પ્યુટર અને અજય મંડપ સર્વિસ દ્વારા મોવિયા રોડ પરના પરિશ્રમ પાર્ટી પ્લોટ ખાતે રાત્રે ૮:૦૦ કલાકે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં કીર્તનકાર ધરાઈ હવેલી મંડળી, સાથી વૃંદ અને વ્રજના કલાકારો દ્વારા રાધા સંગ કૃષ્ણ, શ્રીનાથજી હોળીઓની ઝાંખીઓ પ્રસ્તુત કરી હતી. આ તકે મુખ્ય મનોરથી દ્વારા આમંત્રિત મહેમાન પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, ગોંડલ યુવા અગ્રણી ગણેશભાઈ જાડેજા, ગોંડલ નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, ગોંડલ નાગરિક બેન્ક ચેરમેન અશોકભાઈ પીપળીયા, યુવા ભાજપ પ્રમુખ જીગરભાઈ સટોડિયા, ભાજપ મહામંત્રી સમીરભાઈ કોટડીયા તથા ગુજરાત માંધાતા યુવા મોરચો હિરેનભાઈ ડાભી વગેરેનું સ્વાગત કરાયું હતું. આ આયોજનને સફળ બનાવવા માટે રિતવભાઈ કોટડીયા, સાગરભાઈ કોટડીયા, રવિભાઈ કમાણી, દિવ્યેશભાઈ સાવલિયા, અજયભાઈ રૈયાણી, યોગેશભાઈ રૈયાણી, આકાશભાઈ, અશોકભાઈ, મનીષભાઈ તથા મયુરભાઈ રાણપરીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# યુપીના બસ્તીમાં કન્ટેનર અને કાર વચ્ચે અકસ્માતમાં પાંચના મોત, ત્રણ ઘાયલ

(એચ.એસ.એલ),ગોરખપુર,તા.૧૦

ઉત્તર પ્રદેશના બસ્તી જિલ્લામાં એક દુઃખદ માર્ગ અકસ્માત થયો છે. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા હતા. જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહોનો કબજો લીધો અને તપાસ શરૂ કરી છે.

અહેવાલો અનુસાર, સોમવારે સવારે બસ્તીના નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોટવા નજીક લખનૌ-ગોરખપુર ચાર-માર્ગી પર લેન બદલતા કન્ટેનર સાથે એક લક્ઝરી કાર અથડાઈ હતી. કારમાં સવાર પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્થાનિક લોકોએ જણાવ્યું કે કોલોની તરફ જઈ રહેલા કન્ટેનરે



અચાનક પોતાનો રસ્તો બદલવાનું શરૂ કર્યું. ત્યારે સામેથી આવતી એક કાર સાથે ભયંકર ટક્કર થઈ. કારને ખૂબ નુકસાન થયું હતું. કારમાં સવાર લોકો પણ ખરાબ રીતે કચડાઈ ગયા હતા. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કોઈક રીતે વાહન કાપી નાખવામાં આવ્યું અને લોકોને કારની અંદરથી બહાર કાઢવામાં આવ્યા હતા. પાંચ લોકોના મોત થયા હતા, જ્યારે ત્રણ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારે ૨૦૨૫-૨૬ માટેનું બજેટ રજૂ કર્યું

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૦

મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ની આગેવાની હેઠળની મહાયુતિ સરકારે ૨૦૨૫-૨૬ માટેનું બજેટ રજૂ કર્યું છે. સરકારે લાડકી બહેન યોજનાની રકમ વધારીને ૩૬ હજાર કરોડ રૂપિયા કરી છે. જોકે, સરકાર આ યોજના હેઠળ ૧૫૦૦ રૂપિયાને બદલે ૨૧૦૦ રૂપિયાની સહાય ક્યારે આપવાનું શરૂ કરશે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ગયા વર્ષે મહારાષ્ટ્રમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી દરમિયાન, ગઠબંધને મુખ્યમંત્રી 'મારી લાડકી બહેન' યોજના હેઠળ ગ્રાન્ટની રકમ વધારીને ૨૧૦૦ રૂપિયા કરવાનું વચન આપ્યું હતું. ઉપરાંત, સરકાર ઉત્તર પ્રદેશના આગ્રામાં શિવાજીનું સ્મારક બનાવશે. સોમવારે બજેટ રજૂ કરતા નાયબ મુખ્યમંત્રી અજિત પવારે જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રી મારી લડકી બહિન" યોજના હેઠળ, જુલાઈ ૨૦૨૪ થી લગભગ ૨ કરોડ ૫૩ લાખ લાભાર્થી મહિલાઓને નાણાકીય લાભ આપવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આના પર ૩૩,૨૩૨ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં, આ યોજના માટેની રકમ વધારીને ૩૬,૦૦૦ કરોડ રૂપિયા કરવામાં આવી રહી છે. ગયા વર્ષે ૬ જુલાઈના રોજ, મહાયુતિ સરકારે લાડકી બહેન યોજના શરૂ કરી હતી.

# 'જય શ્રી રામ'ના જવાબમાં 'જય શિવાજી' અને 'જય ભવાની'ના નારા લગાવવા ઉદ્ધવ ઠાકરેનું આહવાન

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૦

શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે ભાજપ સમાજમાં ઝેર ફેલાવી રહ્યું છે. આવી સ્થિતિમાં, તેમણે પોતાના સમર્થકોને શાસક પક્ષના પ્રિય નારા 'જય શ્રી રામ'નો જવાબ 'જય શિવાજી' અને 'જય ભવાની'થી આપવા કહ્યું હતું. થાણેની સરહદે આવેલા મુલુંડના પૂર્વીય ઉપનગરમાં શિવસેના (યુબીટી)ના કાર્યકરોને સંબોધિત કર્યા હતા અને તેમણે વર્તમાન ભાજપ શાસન અને નાઝી જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલર વચ્ચે સમાનતાઓ દર્શાવતી એક સરખામણી પણ કરી હતી. તેમણે કહ્યું કે જો કોઈ જય શ્રી રામ કહે છે, તો તેને જય શિવાજી અને જય ભવાની કહ્યા વિના જવા દો નહીં. તેમણે કહ્યું કે ભાજપે આપણા સમાજમાં ઝેર ફેલાવ્યું છે. આપણા સમાજ સાથે ભાજપે જે રીતે વર્તન કર્યું છે તેના માટે હું તેને કડક સજા આપીશ.

# ઈન્દોર પાસે મોડી રાત્રે ભારતની જીતની ઉજવણી કરતી વખતે બે પક્ષો વચ્ચે હિંસક અથડામણ

(એચ.એસ.એલ),ઈન્દોર,તા.૧૦

મધ્યપ્રદેશના ઈન્દોરથી લગભગ ૩૦ કિલોમીટર દૂર મહુમાં મોડી રાત્રે ભારતની જીતની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી રહી હતી. તે જ સમયે, મહુના ઘણા યુવાનો હાથમાં ત્રિરંગો ધ્વજ લઈને મહુના મુખ્ય બજારમાં પહોંચ્યા અને ફટાકડા ફોડીને અને ત્રિરંગો ધ્વજ લહેરાવીને



વિજયની ઉજવણી શરૂ કરી હતી. આ દરમિયાન, મહુમાં જામા મસ્જિદની સામે કેટલાક યુવાનોએ ફટાકડા ફોડવાનું શરૂ કર્યું. જેના કારણે, જ્યારે સામા પક્ષના લોકોએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમની વચ્ચે દલીલ થઈ, જેણે પાછળથી હિંસક વળાંક લીધો. ફટાકડા ફોડતી વખતે બંને પક્ષો આમને સામને આવી ગયા અને તેમની વચ્ચે ઉગ્ર અથડામણ થઈ.

આ પછી, પોલીસને સમગ્ર મામલાની જાણ થતાં જ પોલીસે બંને પક્ષો પર લાઠીચાર્જ કર્યો અને તેમને ત્યાંથી ભગાડી દીધા. આ સાથે, પોલીસે બદમાશો વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ કેસ નોંધીને મામલાની તપાસ શરૂ કરી છે.

# દિલ્હીમાં હોળી પહેલા સરકાર ગરીબોને મફત સિલિન્ડર આપશે : સીએમ રેખા ગુપ્તા

નવીદિલ્હી,તા.૧૦



દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વસંત વિહાર વિસ્તારમાં ભંવર સિંહ કેમ્પ અને નેપાળી ઝૂંપડપટ્ટીના લોકોની મુલાકાત લીધી અને તેમની સાથે સીધો સંપર્ક કર્યો હતો. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ બાંસુરી સ્વરાજ સાથે ખાટલા પર બેસીને ઝૂંપડપટ્ટીના લોકો સાથે વાતચીત કરી. આ પ્રસંગે તેમણે કહ્યું કે ૧૫ દિવસમાં બે મોટી યોજનાઓ લાગુ કરવામાં આવી છે. હોળી પર સિલિન્ડર પણ ઉપલબ્ધ થશે. સફાઈ કામદારોએ આખો ખજાનો ખાલી કરી દીધો, પણ ચિંતા કરશો નહીં. હું અને મોદીજી છીએ. આ પ્રસંગે સીએમ રેખા ગુપ્તાએ કહ્યું કે તેઓ ઝૂંપડપટ્ટીના તમામ ભાઈ-બહેનોને મળવા આવ્યા છે. પહેલાની સરકાર લોકોને ડરાવતી હતી કે જો ભાજપ સત્તામાં આવશે તો તેઓ ઝૂંપડપટ્ટીઓ દૂર કરશે, પણ ઝૂંપડપટ્ટીઓ દૂર નહીં થાય.

# સીએમ યોગીની મોદી સાથે મુલાકાત, કેબિનેટ વિસ્તરણ અને સંગઠનમાં ફેરફારની અટકળો શરૂ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૦

ઉત્તર પ્રદેશમાં ભાજપના રાજકારણમાં મોટા પરિવર્તનની પટકથા લખાઈ ગઈ છે ? યોગી મંત્રીમંડળમાં ફેરબદલથી લઈને ભાજપ સંગઠનમાં ફેરફાર સુધી, અટકળો લગાવવામાં આવી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ દરમિયાન, સીએમ યોગીએ એપ્રિલમાં જેવર એરપોર્ટના ઉદ્ઘાટન માટે પીએમ પાસેથી સમય માંગ્યો હતો,



બંને નેતા વચ્ચે લગભગ એક કલાક ચાલેલી મુલાકાત બાદ, યુપી કેબિનેટ વિસ્તરણથી લઈને સંગઠનાત્મક ફેરફારો સુધીની અટકળો શરૂ થઈ ગઈ છે.

હોળી પછી ભાજપને નવો પ્રદેશ પ્રમુખ મળવાનું નક્કી છે, પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે શું યોગી સરકારમાં પણ ફેરબદલ થશે ?

# છત્તીસગઢમાં ભૂપેશ બઘેલના પુત્રના ઘર સહિત ૧૪ સ્થળોએ ઈડીના દરોડા

(એચ.એસ.એલ),દુર્ગ,તા.૧૦

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) મની લોન્ડરિંગ કેસમાં છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા ભૂપેશ બઘેલના પુત્રના નિવાસસ્થાને દરોડા પાડયા હતાં. સુત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય એજન્સીએ કથિત દારૂ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં છત્તીસગઢમાં ૧૪ સ્થળોએ દરોડા પાડયા છે.

છત્તીસગઢના દુર્ગ જિલ્લામાં દારૂ કૌભાંડ સંબંધિત ૧૪ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ સાથે જોડાયેલી છે અને તેમાં તેમના પુત્ર ચૈતન્ય બઘેલના નિવાસસ્થાન તેમજ ચૈતન્ય બઘેલના નજીકના સહયોગીઓ જેમ કે લક્ષ્મી નારાયણ બંસલ ઉર્ફે પપ્પુ બંસલના સ્થળોનો સમાવેશ થાય છે.

# વિધર્મીઓ દ્વારા ગેંગ રેપ અને લવ જેહાદના વિરોધમાં ભીલવાડા બંધ

(એચ.એસ.એલ),ભીલવાડા,તા.૧૦

સમગ્ર હિન્દુ સમાજના આહ્‌વાન પર, ભીલવાડા જિલ્લા મુખ્યાલય સોમવારે સાંજે ૫ વાગ્યા સુધી બંધ રાખવામાં આવ્યું હતું. બ્યાવર જિલ્લાના બીજાનગર શહેરમાં સગીર છોકરીઓને પ્રેમની જાળમાં ફસાવીને તેમના શોષણ અને ભીલવાડા શહેરમાં સામૂહિક બળાત્કારની ઘટનાઓના વિરોધમાં આ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. આ બંધને લઈને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા



સુરક્ષાને ધ્યાનમાં રાખીને ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટર જસમીત સિંહ સંધુએ શહેરના વિવિધ વિસ્તારોમાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની નિમણૂક કરી છે. તે જ સમયે, ભીલવાડાના પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર સિંહ યાદવે શહેરમાં શાંતિ અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. ઉપરાંત, શહેરમાં સ્થાપિત સીસીટીવી કેમેરા દ્વારા અભય કમાન્ડ સેન્ટરથી શહેર પર નજર રાખવામાં આવી હતી.

મીડિયા સાથે વાત કરતા, ભીલવાડાના એસપી ધર્મેન્દ્ર સિંહ યાદવે જણાવ્યું હતું કે પોલીસ વહીવટીતંત્રે લોકોને શાંતિપૂર્ણ બંધ માટે અપીલ કરી હતી.

# કાયદાના દાયરામાં રહી ઔરંગઝેબની કબર દૂર કરવી જોઈએ : ફડણવીસ

મુંબઈ,તા.૧૦

મહારાષ્ટ્રના રાજકારણમાં, મુઘલ શાસક ઔરંગઝેબ પર વિવાદ વધી રહ્યો છે. મામલો છત્રપતિ સંભાજીનગરમાં સ્થિત ઔરંગઝેબની કબરને દૂર કરવા સુધી પહોંચી ગયો છે. હવે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ આ મામલે નિવેદન આપ્યું છે. ફડણવીસે કહ્યું છે કે દરેક વ્યક્તિ માને છે કે છત્રપતિ સંભાજીનગરમાં સ્થિત ઔરંગઝેબની કબર દૂર કરવી જોઈએ, પરંતુ આ કામ કાયદાના દાયરામાં થવું જોઈએ.



ભાજપના સાંસદ અને મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજના વંશજ ઉદયનરાજે ભોંસલેએ છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં સ્થિત ઔરંગઝેબની કબરને દૂર કરવાની માંગ કરી હતી.

# આંધ્ર પ્રદેશમાં વસ્તી વધારવા અનોખી જાહેરાત: ત્રીજા બાળકના જન્મ પર પ્રોત્સાહિત કરાશે

(એચ.એસ.એલ),હૈદરાબાદ,તા.૧૦

આંધ્ર પ્રદેશમાં તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) ના સાંસદ કાલિસેટ્ટી અપ્પલા નાયડુએ ગઈકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ત્રીજા બાળકને જન્મ આપવા પર મહિલાઓને ભેટ આપવાનું વચન આપ્યું છે. સાંસદે એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે આ જાહેરાત કરી. તેમણે કહ્યું કે જો બાળક છોકરી



હશે તો ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે અને જો બાળક છોકરો હશે તો મહિલાઓને ગાય આપવામાં આવશે. આ સમાચારથી સમગ્ર આંધ્રપ્રદેશમાં ખળભળાટ મચી ગયો છે. તમને જણાવી દઈએ કે મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ સહિત ઘણા ટીડીપી નેતાઓએ આંધ્ર પ્રદેશમાં ઘટી રહેલી યુવા વસ્તી પર ચિંતા વ્યક્ત કરી છે. આવી સ્થિતિમાં, સાંસદ અપ્પલા નાયડુના આ પગલાને તેને વધારવાના પ્રયાસ તરીકે ગણવામાં આવી રહ્યું છે. ટીડીપી સાંસદનું કહેવું છે કે તેમણે સીએમ નાયડુ અને પીએમ મોદીના આહ્‌વાન બાદ આ પગલું ભર્યું છે. બંને નેતાઓએ વસ્તી વૃદ્ધિ અને મહિલાઓને ત્રીજા બાળક માટે પ્રોત્સાહિત કરવા વિશે વાત કરી હતી. આંધ્રપ્રદેશમાં વસ્તી વૃદ્ધિ અંગે સીએમ ચંદ્રબાબુ નાયડુ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં, તેમણે તમામ મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા આપવાની જાહેરાત કરી હતી.

# આઈફા ડિજિટલ એવોર્ડ્સમાં પહેલી વાર બે ગુજરાતીઓને એવોર્ડ

જયપુર,તા.૧૦

૨૫મા ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડેમી (આઈફા) એવોર્ડ્સ ૮ અને ૯ માર્ચના રોજ જયપુરમાં યોજાયા હતા. શનિવારે આઈફા ડિજિટલ એવોર્ડ્સના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી અને રવિવારે આઈફા મુખ્ય એવોર્ડ્સની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં થિયેટરોમાં રિલીઝ થયેલી ફિલ્મોને એવોર્ડ આપવામાં આવ્યા હતા. આ વખતે આઈફા એવોર્ડ સમારોહ ગુજરાતીઓ માટે પણ ગર્વની ક્ષણ હતી. કારણ કે, પહેલી વાર બે ગુજરાતીઓને આઈફા એવોર્ડ મળ્યા છે. જાનકી બોડીવાલાને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. જાનકી બોડીવાલાને આ એવોર્ડ ફિલ્મ શૈતાનમાં તેમના અભિનય માટે મળ્યો હતો. જાનકી બોડીવાલાએ બોલિવૂડ અભિનેતા શાહરૂખ ખાન પાસેથી આ એવોર્ડ સ્વીકાર્યો હતો. સ્નેહા દેસાઈને શ્રેષ્ઠ પટકથનો એવોર્ડ મળ્યો હતો.

# અવળચંડાઈ : પીસીબીના કોઈ પણ અધિકારી મેચ બાદ પ્રેઝન્ટેશન સેરેમનીમાં હાજર ન રહ્યાં

(એચ.એસ.એલ),દુબઈ,તા.૧૦

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની ફાઈનલ બાદ એક મોટો વિવાદ જોવા મળ્યો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ની એક હરકતે બધાને હેરાન પરેશાન કરી નાખ્યા છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના કોઈ પણ અધિકારી ભારતે ચેમ્પિયન્સ ટ્રોફી ખિતાબ જીત્યા બાદ પ્રેઝન્ટેશન સેરેમનીમાં હાજર રહ્યા ન હતા.



જ્યારે આ ટુર્નામેન્ટના હોસ્ટ જ તેઓ હતા. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલ માટે એક પણ પ્રતિનિધિ ન મોકલવાની આકરી ટીકા થઈ રહી છે. ભારતની જીત બાદ આઈસીસીના અધ્યક્ષ જય શાહ, બીસીસીઆઈના અધ્યક્ષ રોજર બિન્ની, સચિવ દેવજીત સૈકિયા અને ન્યુઝીલેન્ડ ક્રિકેટના ડાયરેક્ટર રોજર ટુસેએ ખેલાડીઓને ટ્રોફી આપવા માટે મંચ શેર કર્યો હતો. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફ ઓપરેશન ઓફિસર અને ચેમ્પિયન્સ ટ્રોફી ઈવેન્ટ ડાયરેકટર સુમૈર અહેમદ દુબઈમાં હતા, પરંતુ તેમને મંચ પર બોલાવવામાં આવ્યા નહીં, ભલે રિપોર્ટમાં કહેવાયું હોય કે પોડિયમ પર કોણ ઊભા રહેશે તે આઈસીસી પસંદ કરે છે. પરંતુ એક પાકિસ્તાન પત્રકાર દ્વારા પોસ્ટમાં દાવો કરાયો કે મોહસિન નકવીએ ફાઈનલ અને પ્રેઝન્ટેશનમાં સામેલ થવાનું હતું, પરંતુ તેમની તબિયત સારી નહતી એટલે તેઓ સામેલ થયા નહીં.

# સતત બે વર્ષમાં બે આઈસીસી ટ્રોફી જીતી ટીમ ઈન્ડિયાએ બનાવ્યો અનોખો રેકોર્ડ

(એચ.એસ.એલ),દુબઈ,તા.૧૦

રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ, ટીમ ઈન્ડિયાએ ૯ માર્ચે ઈતિહાસ રચ્યો હતો. ટીમ ઈન્ડિયાએ ટાઈટલ મેચમાં ન્યુઝીલેન્ડને ૪ વિકેટથી હરાવ્યું અને ૧૨ વર્ષ પછી ચેમ્પિયન્સ ટ્રોફી પર કબજો કર્યો. ભારતીય ટીમે ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફી જીતી અને ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી વધુ જીત મેળવનારી ટીમ બની. આ ટાઈટલ જીતમાં કેપ્ટન રોહિત શર્માનો મોટો ફાળો હતો. તેણે શાનદાર બેટિંગ કરી અને ૮૩ બોલમાં ૭ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી



૭૬ રન બનાવ્યા અને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીત્યો. રોહિતની કેપ્ટનશીપ હેઠળ, ટીમ ઈન્ડિયાએ સતત બીજા વર્ષે આઈસીસી ટ્રોફી પર કબજો કર્યો અને એક નવો રેકોર્ડ બનાવ્યો. કેપ્ટન તરીકે, રોહિતે એ ચમત્કાર કર્યો જે મહેન્દ્ર સિંહ ધોની પણ તેની કેપ્ટનશીપ દરમિયાન કરી શક્યો ન હતો. હકીકતમાં, વર્ષ ૨૦૨૪ માં, રોહિતની કેપ્ટનશીપ હેઠળ, ભારતીય ટીમે T૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ નો ખિતાબ જીત્યો અને હવે ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે. આમ, રોહિત શર્મા સતત બે વર્ષમાં ૨ આઈસીસી ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય કેપ્ટન બન્યો. ક્રિકેટના ઈતિહાસમાં આ ચોથી વખત છે જ્યારે કોઈ ટીમે સતત બે આઈસીસી મેન્સ ટ્રોફી જીતી છે. ટીમ ઈન્ડિયા આવું કરનારી દુનિયાની ત્રીજી ટીમ છે.

# ગોંડલમાં ગણેશ જાડેજા ફરી એક વખત વિવાદમાં : રાજસ્થાનના યુવકની હત્યાનો આક્ષેપ

ગોંડલ, તા.૧૦

ગોંડલના પૂર્વ MLA જયરાજસિંહ અને તેમના પુત્ર ફરી એકવાર વિવાદમાં આવ્યા છે. તેમના બંગલામાં પિતા-પુત્રને માર માર્યા બાદ પુત્ર ગુમ થઈ ગયો હતો જેનો મૃતદેહ રાજકોટથી મળી આવતા બહેન અને પિતાએ હત્યા થઈ હોવાનો આક્ષેપ કર્યો છે. તો બીજી તરફ આ સમગ્ર મામલે જિલ્લા પોલીસ વડાએ પૂર્વ ધારાસભ્યનો કોઈ રોલ ન હોવાનું જણાવ્યું છે. ઘટનાના પ્રત્યક્ષદર્શી અને મૃતક રાજકુમારના પિતા રતનલાલ જાટે કહ્યું કે મને બે



લાફા માર્યા પછી ઓર્ડર આપ્યો ચાલો ઉપડી જાવ. તો મૃતકની બહેને ગોંડલ PI સાથે થયેલી વાતના આધારે આક્ષેપ કર્યો હતો કે PIએ જયરાજસિંહ જાડેજાના બંગલાના સીસીટીવી જોયા હોવાનું મને જણાવ્યું હતું અને કહ્યું હતું કે CCTVમાં યુવકને મારતા દેખાય છે. આ મામલે રાજસ્થાનના સાંસદ હનુમાન બેનિવાલે પણ X પર સીબીઆઈ તપાસની માગ કરી સંસદમાં આ મુદ્દો ઉઠાવવા જણાવ્યું તો વિપક્ષના નેતા અમિત ચાવડાએ ગૃહને પત્ર લખ્યો છે, જેમાં ૧૧૬ની નોટિસ હેઠળ ગોંડલમાં યુવકના મોત મુદ્દે ગૃહમાં ચર્ચા કરવા માગ કરી છે.

# છોટાઉદેપુરમાં ભુવાએ અંધશ્રદ્ધામાં પાંચ વર્ષની બાળકીની બલિ ચડાવી

છોટાઉદેપુર,તા.૧૦

છોટાઉદેપુરમાં હચમચાવી નાખે તેવો બનાવ સામે આવ્યો છે. જ્યાં અંધશ્રદ્ધામાં બાળકીની બલિ ચડાવી દેવાઈ છે. છોટાઉદેપુરના બોડેલીના પાણેજ ગામનો બનાવ છે, જ્યાં તાંત્રિક વિધિમાં બાળકીની બલિ ચડાવી દેવાઈ છે. આધેડ ભૂવાએ ૫ વર્ષની બાળકીની બલિના નામે હત્યા કરી છે. આધેડ ભૂવા લાલુ હિંમત તડવીએ તમામ હદો પાર કરી હતી.



બાળકીને ઘરમાં લઈ જઈ વિધિ કરી કુહાડીથી ગળું કાપી નાખ્યું હતું. બાળકી બાદ એના નાના ભાઈને પણ બલિ માટે લઈ જતા ગ્રામજનો જોઈ ગયા હતા અને બાળકને બચાવી લઈ પોલીસને ઘટના અંગે જાણ કરી હતી. મામલતદાર સાથે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો અને આરોપી લાલુની પોલીસે ધરપકડ કરી છે. સ્થાનિક રમેશભાઈએ જણાવ્યું કે, ગામમાં ક્રૂર હત્યા કરવામાં આવી છે. પાણેજ ગામના તડવી લાલાભાઈ હિંમતભાઈએ રાજુભાઈની પાંચ વર્ષની દીકરીને ઉંચકીને લઈ જઈને તેના ઘરમાં તાંત્રિક વિધિ કરતો હોય તેવું અમારું માનવું છે. તેણે ઘરમાં માતાનું મંદિર બનાવેલું છે, ત્યાં લઈ જઈ કુહાડીનો ઘા મારી એની કરુણ હત્યા કરવામાં આવી છે. આવા નરાધમોને કડકમાં કડક સજા થાય તેવી અમારી માગ છે. સ્થાનિક કમલેશભાઈનું કહેવું છે કે, પાણેજ ગામમાં ૫-૬ વર્ષની બાળકીની હત્યા થઈ છે.

# જૂનાગઢના મધુરમ વિસ્તારમાં પરિવાર સાથે રહેતી ૨૦ વર્ષીય યુવતીએ આત્મહત્યા કરી

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૧૦

જૂનાગઢમાં એક યુવતીએ આપઘાત કરી લીધો હતો. જૂનાગઢના મધુરમ વિસ્તારમાં પરિવાર સાથે રહેતી ૨૦ વર્ષીય લક્ષ્મી વેગડા નામની યુવતીએ 'ભાઈ તું મમ્મીનું ધ્યાન રાખજે હું જાઉં છું' કહીં રડતા રડતા જિંદગીનો અંતિમ વીડિયો બનાવ્યો હતો. બાદ ઘરમાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાધો હતો. જેથી પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. જૂનાગઢમાં ૨૦ વર્ષીય લક્ષ્મી વેગડા પ્રાઈવેટ જોબ કરતી હતી અને પરિવારમાં માતા-પિતા અને ભાઈ સાથે રહેતી હતી. લક્ષ્મી વેગડાએ પોતાના ઘરમાં જ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. જોકે, તેણે મરતા પહેલા જિંદગીનો છેલ્લો વીડિયો બનાવ્યો હતો. જેમાં ભીની આંખે જણાવ્યું કે, 'મમ્મી તું તારું ધ્યાન રાખજે અને ભાઈ ભાવિન તું મમ્મીને સાચવજે, મને નાના-નાની, મમ્મી પપ્પા ખૂબ સારા મળ્યા છે પરંતુ હું જાઉં છું કારણ કે હું અંદરોઅંદર જ ઘૂંટાઉં છું હું આ પગલું મારી જાતે ભરું છું.'

# દહેગામમાં ભારતની જીતની ઉજવણીમાં પથ્થરમારો : બે યુવાનો ઘાયલ થયા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૦

દહેગામમાં ભારતની જીતના જશ્ન વચ્ચે જોરદાર બબાલ થઈ હતી. ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે ભારતની જીત થતા દહેગામમાં રેલી કાઢવામાં આવી હતી. દરમિયાન દહેગામના યુવકોની બાઈક રેલી પર કાંકરીચાળો કરાતા પરિસ્થિતી વણસી હતી. ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રેલી પહોંચતા જ વિધર્મીઓએ પ્રોત પ્રકાશ્યું હતું.



બાદમાં જીતની ઉજવણી દરમિયાન બે જૂથ વચ્ચે મારામારી શરૂ થઈ ગઈ હતી. જેમાં યુવાનોની રેલી કસ્બા વિસ્તારમાં પહોંચતા હુમલો કરવામાં આવ્યો હતો.

જેમાં વિધર્મીઓ દ્વારા ૧૫થી વધુ વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. કસ્બા વિસ્તાર અને ગોપાલજી મંદિર પાસે પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. વાહનોમાં તોડફોડ કરાયા બાદ બે લોકો પર હુમલો કરવામાં આવ્યો હતો. બન્ને ઘાયલ થતા તેમને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ બનાવની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ટોળાને વિખેરી બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

# અમેરિકામાં ગેરકાયદેસર રીતે જતી વખતે ગુજરાતી યુવાનનું મોત

હિંમતનગર, તા.૧૦



અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયોને બહાર કાઢવાની મોટી કાર્યવાહી પછી પણ, કેટલાક લોકો હજુ પણ સમજતા નથી. આ સ્થિતિમાં, વધુ એક ગુજરાતીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પ્રાંતિજના મોયાદ ગામના એક યુવાનનું ગેરકાયદેસર રીતે અમેરિકા જતા સમયે મૃત્યુ થયું હતું. પરિવારે એક એજન્ટ દ્વારા નિકારાગુઆ થઈને અમેરિકા પહોંચવાની વ્યવસ્થા કરી હતી. દોઢ મહિનાની મુસાફરી દરમિયાન, યુવાનની તબિયત બગડી ગઈ અને તેને નિકારાગુઆમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. પરંતુ ડાયાબિટીસની દવા ન મળવાને કારણે તે યુવાન બેભાન થઈ ગયો અને કોમામાં સરી પડ્યો. સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ યુવકનું મોત નિપજ્યું હતું.

# ભરૂચમાં દેવું વધી જતા જમાઈએ લૂંટ બાદ સાસુ-સસરાની હત્યા કરી

ભરૂચ,તા.૧૦

ભરૂચમાં શિક્ષક દંપતીના ડબલ મર્ડરને પગલે ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં દેવું વધી જતા સગા જમાઈએ જ લૂંટ કરીને સાસુ સસરાની હત્યા કરી નાખી હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી છે. ભરૂચના વાલિયામાં આવેલી ગણેશ ગાર્ડન સોસાયટીમાં રહેતા શિક્ષક દંપતી જીતેન્દ્રસિંહ બોડાદરા અને તેમના પત્ની લતાબેન બોડાદરાના તારીખ પાંચમી માર્ચના રોજ રાત્રીના સમયે લોહીથી લથબથ હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતા. સમગ્ર દિવસ દરમિયાન મકાન બંધ રહેતા પાડોશીઓને શંકા ગઈ હતી અને તેઓએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી ઘરમાં જોતા બેડરૂમમાં બંનેના હત્યા કરાયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતા. ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે માત્ર ગણતરીના દિવસોમાં જ બેવડા હત્યાકાંડનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# ગુજરાતમાં મધ્યાહન ભોજનના કર્મચારીઓ હડતાળ પર ઉતરી વિરોધ પ્રદર્શન કરશે

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં મધ્યાહન ભોજનના કર્મચારીઓએ હડતાળ પર ઉતરવાની સરકારને ચીમકી આપી છે. રાજ્યમાં મધ્યાહન ભોજન કર્મચારીઓ હડતાળ પર જશે. સરકારે તાલુકા સ્તરે કેન્દ્રીય રસોડા (સેન્ટ્રલ કિચન) શરૂ કર્યા છે, જેના કારણે કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. કેન્દ્રીય રસોડાના મુદ્દા પર સાંસદો અને ધારાસભ્યોને આવેદનપત્ર સુપરત કર્યા બાદ રોષે ભરાયેલા મધ્યાહન ભોજન કર્મચારીઓ રાજ્યમાં તબક્કાવાર વિરોધ પ્રદર્શન કરશે. માર્ચમાં પોતાનું કામ પૂર્ણ કર્યા પછી, મધ્યાહન ભોજન કર્મચારીઓએ ૧ એપ્રિલથી કામથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. આ મધ્યાહન ભોજન યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબ અને વંચિત વર્ગના બાળકોને સારું પોષણ મળે, શૈક્ષણિક પ્રગતિ થાય, સામાજિક સમાનતા પ્રાપ્ત થાય અને દેશના વિકાસમાં યોગદાન મળે તે સુનિશ્ચિત કરવાનો છે. પરંતુ મધ્યાહન ભોજન યોજનાના કામદારો હાલમાં મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આ યોજના હેઠળ કામ કરતી મોટાભાગની મહિલાઓ વહીવટકર્તા, રસોઈયા અને સહાયક તરીકે સંકળાયેલી છે. આ કર્મચારીઓ માને છે કે તેમને ખૂબ જ ઓછો પગાર મળે છે. મધ્યાહન ભોજન કામદારોનું કહેવું છે કે તેમને તેમના કામ અને વર્તમાન સમય મુજબ પગાર આપવામાં આવતો નથી અને તેથી જ મધ્યાહન ભોજન કામદારો સરકારના આ નિર્ણયથી નારાજ છે. આગામી દિવસોમાં, તેઓ તેમની માંગણીઓ અંગે કેન્દ્રમાં વિરોધ પ્રદર્શન કરશે.

















